# જ્ઞાનોપાસના

[ સમ્યગ્ જ્ઞાનનું સ્વરૂપ ]

卐

ધર્મબોધ ગ્રંથમાળા

પુષ્પ : ૮ :

ધર્મબોધ ગ્રંથમાળા-પુષ્પ આઠમું

# જ્ઞાનોપાસના

## [ સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ ]

: લેખક :

ધીરજલાલ ટોકરશી શાહ.

卐

: પ્રકાશક :

શ્રી મુક્તિકમલ જૈન મોહનગ્રન્થમાળા.

કાર્યાધિકારી-લાલચંદ નંદલાલ શાહ

ઠે રાવપુરા, ઘીકાંટા, વકીલ બ્રધર્સ પ્રેસ-વડોદરા

: પ્રકાશક :
મુક્તિકમલ જૈન મોહનગ્રંથમાળા
રાવપુરા, મહાજન પોળ–વડોદરા.

આવૃત્તિ પહેલી.

પહેલી વાર

**દસ આના**

વિ. સં. ૨૦૦૮ વસંતપંચમી.

: મુદ્રક :
શા. ગુલાબચંદ લલ્લુભાઈ
શ્રી મહોદય પ્રીં. પ્રેસ–ભાવનગર.

# આભાર-દર્શન

વઢવાણશહેરનિવાસી ધર્મશ્રદ્ધાળુ શાહ ચીમનલાલ ઉજમસીભાઇએ જ્ઞાનભક્તિ નિમિત્તે આ ગ્રન્થમાળાનું પ્રકાશન સસ્તું રાખવામાં જનારી ખોટમાં આપેલી સહાય બદલ તેમનો આભાર માનવામાં આવે છે.

—પ્રકાશક

# વિષયાનુક્રમ


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ૧ જ્ઞાનનું મહત્ત્વ | ૧ |
| ૨ જ્ઞાનની વ્યાખ્યા | ૨ |
| ૩ જ્ઞાનપ્રાપ્તિ માટે નીતિકારોનો મત | ૩ |
| ૪ વિદ્યાર્થીનાં લક્ષણો | ૭ |
| ૫ આજનો વિદ્યાર્થી | ૮ |
| ૬ જ્ઞાનનું આધ્યાત્મિક મૂલ્ય | ૯ |
| ૭ જ્ઞાન વિષે જૈન મહાત્માઓ | ૧૦ |
| ૮ નવપદમાં જ્ઞાનને વિશિષ્ટ સ્થાન | ૧૫ |
| ૯ જ્ઞાનના પાંચ પ્રકારો | ૧૮ |
| ૧૦ પાંચ જ્ઞાનના એકાવન ભેદો | ૧૮ |
| ૧૧ શ્રુતજ્ઞાનની મહત્તા | ૨૫ |
| ૧૨ પૃથ્વીપાલ રાજાની કથા | ૨૬ |
| ૧૩ વરદત્ત અને ગુણમંજરીની કથા | ૪૨ |
| ૧૪ જ્ઞાનાચારના આઠ પ્રકારો | ૫૩ થી ૭૪ |
| (૧) કાલ | ૫૩ |
| (૨) વિનય | ૫૬ |
| (૩) બહુમાન–ભિલ્લનું દૃષ્ટાંત | ૬૧ |
| (૪) ઉપધાન | ૬૪ |
| (૫) અનિહ્નવતા–પરિવ્રાજકનું દૃષ્ટાંત | ૬૯ |
| (૬) વ્યંજનશુદ્ધિ | ૭૦ |
| (૭) અર્થશુદ્ધિ–વસુ, પર્વત અને નારદનું દૃષ્ટાંત | ૭૧ |
| (૮) તદુભય શુદ્ધિ | ૭૪ |
| ૧૫ તત્ત્વસંવેદન | ૭૫ |
| ૧૬ ઉપસંહાર | ૭૮ |

માનવજીવનની વિકટ સમસ્યાનું સ્પષ્ટીકરણ કરતાં
મુક્તિમાર્ગના સોપાન દર્શાવતાં
આબાલવૃદ્ધ સૌ કોઈને રુચે તેવી સરલ શૈલીમાં રજૂ થતાં
અ ને
જૈન ધર્મના મર્મને સમજાવતાં

## ધર્મબોધ-ગ્રંથમાળાનાં પુષ્પો

તમારા આત્મામાં સુવાસ પ્રસરાવશે
આજે જ મગાવી જીવનપંથને ઉજ્જવલ બનાવો.

(૧) ત્રણ મહાન તકો
(૨) સફળતાની સીડી(પુરુષાર્થ
(૩) સાચું અને ખોટું(સ્યાદ્વાદ)
(૪) આદર્શ દેવ ( સુદેવ )
(૫) ગુરુદર્શન ( સુગુરુ )
(૬) ધર્મામૃત ( સુધર્મ )
(૭) શ્રદ્ધા અને શક્તિ
(૮) જ્ઞાનોપાસના
(૯) ચારિત્રવિચાર
(૧૦) દેતાં શીખો ( દાન )
(૧૧) શીલ અને સૌભાગ્ય(શીલ
(૧૨) તપનાં તેજ ( તપ )
(૧૩) ભાવનાસૃષ્ટિ ( ભાવ )
(૧૪) પાપનો પ્રવાહ ( ૧૮ પાપસ્થાનક )
(૧૫) બે ઘડી યોગ (સામાયિક)
(૧૬) મનનું મારણ ( ધ્યાન )
(૧૭) પ્રાર્થના અને પૂજા ( આવશ્યક ક્રિયા )
(૧૮) ભક્ષ્યાભક્ષ્ય
(૧૯) જીવનવ્યવહાર
(૨૦) દિનચર્યા

પૂજ્ય મુનિશ્રી યશોવિજયજી મહારાજશ્રીની ચીવટભરી દેખરેખ તળે આ પ્રકાશનો પ્રગટ થઇ રહ્યાં છે. તમારી નકલો આજે જ મગાવી લ્યો.

છૂટક નકલ દશ આના : વીશ પુષ્પનાં સેટના રૂપિયા અગિયાર

લખો—શ્રી લાલચંદ નંદલાલ વકીલ
રાવપુરા, ઘીકાંટા, વકીલ બ્રધર્સ પ્રેસ-વડોદરા.

: ૧ :

# જ્ઞાન

## ૧. જ્ઞાનનું મહત્ત્વ

જ્ઞાન એ અંતરનું અજવાળું છે; હૃદયની રોશની છે; જીવનની જળહળતી જ્યોતિ છે. તેના ઉદ્યોત વિના કોઈ પણ વસ્તુ કે વિચારનું કંઈ પણ સ્વરૂપ જાણી શકાતું નથી; તેના પ્રકાશ વિના કોઈ પણ પ્રાણી કે પદાર્થનો કંઈ પણ બોધ થઈ શકતો નથી; અને તેના ચમકારા વિના કોઈ પણ ક્રિયા કે કોઈ પણ ઘટનાનું રહસ્ય સમજી શકાતું નથી. તેથી જ જ્ઞાનને તૃતીય લોચન, દ્વિતીય દિવાકર અને પ્રથમ પંક્તિનું ધન માનવામાં આવ્યું છે. આ રહ્યા તેની પ્રતીતિ કરાવનારા શબ્દોઃ

" तृतीयं लोचनं ज्ञानं, द्वितीयो हि दिवाकरः ।
अचौर्यहरणं वित्तं, विना स्वर्णं विभूषणम् ॥ "

'જ્ઞાન એ ત્રીજું લોચન છે, દ્વિતીય દિવાકર છે, ચોરથી ન ચોરી શકાય તેવું ધન છે અને સુવર્ણ વિનાનું આભૂષણ છે.'

" ज्ञानाद्विदन्ति खलु कृत्यमकृत्यजातं,
ज्ञानाच्चरित्रममलं च समाचरन्ति ।
ज्ञानाच्च भव्यभविकाः शिवमाप्नुवन्ति,
ज्ञानं हि मूलमतुलं सकलश्रियां तत् ॥ "

'જ્ઞાનથી મનુષ્યો કરવા યોગ્ય અને ન કરવા યોગ્ય વસ્તુ-સમુદાયને જાણે છે અને નિર્મળ એવા ચારિત્રનું આચરણ કરે છે. વળી ભવ્ય જીવો જ્ઞાન વડે જ શિવસુખને પામે છે, તેથી જ્ઞાન એ સકલ લક્ષ્મીનું ઉપમા રહિત મૂળ છે.'

" ज्ञानं स्यात्कुमतान्धकारतरणिर्ज्ञानं जगल्लोचनं,
ज्ञानं नीतितरङ्गिणी कुलगिरिर्ज्ञानं कषायापहम् ।
ज्ञानं निर्वृतिवश्यमन्त्रममलं ज्ञानं मनःपावनम् ,
ज्ञानं स्वर्गगतिप्रयाणपटहं ज्ञानं निदानं श्रियः ॥ "

'જ્ઞાન એ મિથ્યાત્વરૂપી અંધકારનો નાશ કરવામાં સૂર્ય સમાન છે અને જગતનું લોચન છે; જ્ઞાન એ નીતિરૂપી નદીને નીકળવાને માટે પર્વત સમાન છે અને (ક્રોધ, માન, માયા તથા લોભરૂપી) કષાયોને દૂર કરનાર છે. જ્ઞાન એ મુક્તિને વશ કરવા માટે પવિત્ર મંત્ર છે અને મનને પાવન કરનાર છે; જ્ઞાન એ સ્વર્ગગતિમાં પ્રયાણ કરવાનો પડહ છે અને લક્ષ્મીનું કારણ છે.'

## ૨. જ્ઞાનની વ્યાખ્યા

જ્ઞાનની સામાન્ય વ્યાખ્યા એ છે કે 'જેના વડે વસ્તુ જણાય-ઓળખાય કે સમજાય તે જ્ઞાન.' 'ज्ञायते परिच्छिद्यते वस्तु

अनेन इति ज्ञानम् ।' તેને સામાન્ય વ્યવહારમાં **વિદ્યા** પણ કહે છે. આ જ્ઞાન કે વિદ્યાના સંબંધમાં નીતિકારોનો મત કેવો છે ? તે નીચેના શબ્દોથી જણાશે.

## ૩. જ્ઞાનપ્રાપ્તિ માટે નીતિકારોનો મત

"વિદ્યા એ મનુષ્યનું વિશેષ રૂપ છે અને છુપાયેલું ધન છે. વિદ્યા એ ભોગ, યશ અને સુખને આપનારી છે તથા ગુરુઓની પણ ગુરુ છે. વિદ્યા પરદેશના પ્રવાસમાં સગાંવહાલાંની ગરજ સારે છે અને એક પ્રકારનું પરમ બળ છે. વળી રાજ્યમાં વિદ્યા પૂજાય છે પણ ધન પૂજાતું નથી, એટલે અમારો અભિપ્રાય એવો છે કે વિદ્યા વિનાનો નર પશુ છે: 'विद्याविहीनः पशुः ।'

"વિદ્યારૂપી ધન બધી જાતના ધનોમાં શ્રેષ્ઠ છે, કારણ કે બીજી જાતનાં ધનો ચોર કે રાજા વડે હરાઈ જાય છે ત્યારે આ ધન ચોર કે રાજા વડે હરાતું નથી; બીજી જાતનાં ધનોમાં ભાઈઓ ભાગ પડાવે છે ત્યારે આ ધનમાં તેઓ ભાગ પડાવી શકતા નથી; વળી બીજી જાતના ધનોમાં કંઈ ને કંઈ વજન હોય છે ત્યારે આ ધનમાં જરાય વજન નથી. અને આ ધનની સહુથી વધારે ખૂબી તો એ છે કે—જેમ જેમ એને વાપરતા જઈએ છીએ તેમ તેમ એ વધતું જ જાય છે.

"એક માણસ પાસે પૈસો-ટકો, ઘરબાર કે વાડીવજીફા ભલે ન હોય પણ જ્ઞાન કે વિદ્યા હોય તો એ ઉત્તમ છે અને બીજા માણસ પાસે પૈસો-ટકો, ઘરબાર કે વાડીવજીફા ભલે હોય પણ જ્ઞાન કે વિદ્યા ન હોય તો એ નિકૃષ્ટ છે. વિદ્યા-

વાળો ભગવી કફનીમાં કે સાદા એવા પોશાકમાં પણ શોભે છે ત્યારે વિદ્યાવિહીન ઘરેણાંથી લદાયેલો હોય છતાં શોભતો નથી. એટલે મનુષ્યનું સાચું નૂર વિદ્યા છે.

"તેવી માતા શત્રુ છે અને તેવો પિતા વૈરી છે કે જે પોતાના બાળકોને વિદ્યાભ્યાસ કરાવતા નથી. તેઓએ જાણવું જ જોઇએ કે જેમ હંસની સભામાં બગલા શોભતા નથી, તેમ પાંચ ડાહ્યા માણસોની અંદર અશિક્ષિતો કે મૂર્ખા શોભતા નથી.

"અન્નદાન ઉત્તમ છે પણ વિદ્યાદાન તેનાથી પણ ઉત્તમ છે, કારણ કે અન્ન વડે ક્ષણિક તૃપ્તિ થાય છે ત્યારે વિદ્યા વડે મનુષ્ય જીવે ત્યાં સુધી સુખપૂર્વક જીવી શકે છે.

"એક મનુષ્ય સેંકડો હાથી, રથ, ઘોડા અને ગાયોનું, સોનાના પાત્રોનું અને સાગર પર્યંતની ભૂમિનું દાન કરે અથવા શુદ્ધ કુળની ક્રોડો કન્યાનું દાન કરે પણ તે એક માણસને અપાયેલા વિદ્યાદાનની તોલે આવતું નથી."

જ્ઞાનાર્જન કે વિદ્યાભ્યાસ જીવનની પહેલી પચીશીમાં જ સારો થઈ શકે છે. તે માટે કહ્યું છે કે—

"प्रथमे नार्जिता विद्या, द्वितीये नार्जितं धनम् ।
तृतीये नार्जितो धर्मश्चतुर्थे किं करिष्यति ? ॥"

મનુષ્યનું સરેરાશ આયુષ્ય સો વર્ષનું માનીને તેના ચાર ભાગ કલ્પવામાં આવે છે. તેમાં પહેલો ભાગ બ્રહ્મચર્યાશ્રમ કહેવાય છે, બીજો ભાગ ગૃહસ્થાશ્રમ કહેવાય છે, ત્રીજો ભાગ

વાનપ્રસ્થાશ્રમ કહેવાય છે અને ચોથો ભાગ સંન્યસ્તાશ્રમ કહેવાય છે. આ ભાગોને અનુલક્ષીને કહેવામાં આવ્યું છે કે--જેણે પહેલા આશ્રમમાં વિદ્યાનું અર્જન કર્યું નહિ, બીજા આશ્રમમાં ધનનું ઉપાર્જન કર્યું નહિ, ત્રીજા આશ્રમમાં ધર્મનું ઉપાર્જન કર્યું નહિ, તે ચોથા આશ્રમમાં શું કરશે? તાત્પર્ય કે--મનુષ્યે પ્રારંભના પચીશ વર્ષમાં બને તેટલું વિદ્યાર્જન કરી લેવું જોઇએ.

કેટલાક મૂઢ મનુષ્યો એમ માને છે કે—

"यथा जडेन मर्तव्यं, बुधेनापि तथैव च ।
उभयोर्मरणं दृष्ट्वा, कण्ठशोषं करोति कः ?"

"જેમ જડ માણસોને મરવાનું હોય છે, તેમ શિક્ષિત માણસોને પણ મરવાનું હોય છે. આમ બંનેને મરવાનું સમાન હોવાથી શાસ્ત્રોને કંઠસ્થ કરવાની કે લાંબું ભણવાની માથાકૂટ કોણ કરે?"

પણ તેઓ ભૂલી જાય છે કે જડ અને સુશિક્ષિતને મરવાનું સમાન હોવા છતાં બંનેના જીવનમાં–બંનેની જીવવાની રીતમાં આકાશ અને પાતાલ જેટલું અંતર હોય છે. જડને કોઈ જાતની ફીકર–ચિંતા હોતી નથી એટલે કે તે નઘરોલ હોય છે, ખૂબ ઊંઘે છે અને લાજ–શરમને બાજુએ મૂકીને મનસ્વી વર્તન કરે છે. વળી માન–અપમાનની તેને પડી હોતી નથી અને હિતાહિત તથા કર્તવ્યાકર્તવ્યને વિસરી જઈને અધમ જીવન ગાળે છે. ત્યારે શિક્ષિત–સંસ્કારી મનુષ્ય દરેક વસ્તુનો અગાઉથી વિચાર કરતો રહે છે અને તે પ્રમાણે કાર્યની યોજના

કરે છે, પ્રાયઃ મિતાહારી હોય છે, સપ્રમાણ નિદ્રા લે છે અને પોતાના બાપદાદાની ખાનદાનીનો તથા પોતાના સ્થાનનો વિચાર કરીને મનસ્વી વર્તન ન કરતાં ન્યાય-નીતિથી વર્તે છે. વળી સ્વમાનને વહાલું ગણી એવું કાર્ય કરતો નથી કે એવા સ્થાને જતો નથી કે જ્યાં પોતાનું અપમાન થાય, અને તે હિતાહિતનો તથા કર્તવ્યાકર્તવ્યનો નિરંતર વિચાર કરી તે પ્રમાણે વર્તે છે, એટલે પ્રગતિ, ઉન્નતિ કે અભ્યુદયને સાધી શકે છે. તેથી અજ્ઞાન, મૂઢતા, મૂર્ખતા કે જડત્વને કોઈ પણ રીતે ઇષ્ટ ગણી શકાય નહિ. કહ્યું છે કે—

" अज्ञानं खलु कष्टं द्वेषादिभ्योऽपि सर्वदोषेभ्यः ।
अर्थं हितमहितं वा न वेत्ति येनावृतो जीवः ॥ "

'દ્વેષ આદિ સર્વ દોષો કરતાં અજ્ઞાન એ મોટો દોષ છે, કારણ કે તેનાથી આવૃત થયેલો જીવ હિત કે અહિત પદાર્થને જાણી શકતો નથી.'

વિદ્યાભ્યાસ કરતાં મહેનત પડે છે અને એશઆરામને ઘણા ભાગે જતો કરવો પડે છે, પણ તેનું પરિણામ અત્યંત સુંદર હોય છે. તેથી જ આર્ય નીતિકારોએ ભાર દઈને કહ્યું છે કે—

" सुखार्थी त्यजते विद्यां, विद्यार्थी त्यजते सुखम् ।
सुखार्थिनः कुतो विद्या ? विद्यार्थिनः कुतः सुखम् ? ॥"

'જે અંતરથી આરામરૂપી સુખનો આશક હોય તે વિદ્યાને છોડે છે અને જે અંતરથી વિદ્યાનો આશક હોય તે

આરામરૂપી સુખને છોડે છે. આરામના અર્થીને વિદ્યા ક્યાંથી ? અને વિદ્યાના અર્થીને આરામ ક્યાંથી ? તાત્પર્ય કે--જેને વિદ્યાભ્યાસ કરીને સુશિક્ષિત થવું છે, સંસ્કારી થવું છે, પંડિત કે પ્રાજ્ઞ થવું છે, તેણે આરામના વિચારને અંતરમાંથી ભૂંસી નાખવો જોઈએ.'

## ૪. વિદ્યાર્થીનાં લક્ષણો

'વિદ્યાર્થી કેવો હોવો જોઈએ અથવા વિદ્યાર્થીનાં લક્ષણો શું ?' એનો ઉત્તર આપતાં અનુભવી પુરુષોએ જણાવ્યું છે કે–

" काकचेष्टा बकध्यानं, श्वाननिद्रा तथैव च ।
अल्पाहारश्च स्त्रीत्यागो, विद्यार्थिपञ्चलक्षणम् ॥ "

'કાગડા જેવી **ચપળતા**, બગલા જેવી **એકાગ્રતા**, શ્વાન જેવી **નિદ્રા**, **અલ્પ આહાર** અને **બ્રહ્મચર્યનું** પાલન એ પાંચ વિદ્યાર્થીનાં લક્ષણો છે.'

ચપળતા એ આળસ કે પ્રમાદનો ત્યાગ સૂચવે છે, એકાગ્રતા એ મનની અસ્થિર હાલત કે વિક્ષેપનો ત્યાગ સૂચવે છે, અલ્પ નિદ્રા આરામ કે બેફિકરાઈનો ત્યાગ સૂચવે છે, અલ્પ આહાર રસલાલસા કે સ્વાદવૃત્તિનો ત્યાગ સૂચવે છે અને બ્રહ્મચર્ય વિષયભોગ કે અસંયમનો ત્યાગ સૂચવે છે, એટલે વિદ્યાર્થીએ વિદ્યાર્જનને એક પ્રકારની યોગસાધના સમજીને તેમાં બને તેટલું સંયમી જીવન ગાળવાનું છે. આવું સંયમી જીવન ગાળનાર વિમલ વિદ્યાથી વિભૂષિત થાય તેમાં કંઈ જ આશ્ચર્ય નથી.

## ૫. આજનો વિદ્યાર્થી

પરંતુ વિદ્યાર્થી જીવનનો આ આદર્શ આજે લગભગ ભૂલાઈ ગયો છે. તેમાં ઉપર્યુક્ત પંચ લક્ષણોમાંનું એક પણ લક્ષણ પર્યાપ્ત અંશમાં દેખાતું નથી. **ચપળતા** મોટા ભાગે ચાલી ગઈ છે, **એકાગ્રતા** મોટા ભાગે આથમી ગઈ છે, **નિદ્રાનો** નિયમ રહ્યો નથી, તે ગમે ત્યારે અને ગમે તેટલી લેવાય છે, આહારનું પણ એમ જ છે, તેમાં ચટાકેદાર વસ્તુ-ઓની વાપરવાનો શોખ એકદમ વધ્યો છે અને **બ્રહ્મચર્યનો** આગ્રહ રહ્યો નથી. અનેક પ્રકારની કુટેવો આજના વિદ્યાર્થીને ભયંકર રીતે બરબાદ કરી રહી છે. અને તેનું જ એ પરિણામ છે કે--આજે પ્રથમના જેવા ધુરંધર વિદ્વાનો, પ્રખર પંડિતો અને મજબૂત મનવાળા મનુષ્યો પાકતા નથી. દેશના દુર્ભાગ્યે કે પ્રજાના પાપોદયથી આજના વિદ્યાર્થીમાં પ્રાયઃ નીચેના પાંચ લક્ષણો જોવામાં આવે છે. (૧) **અવિનય**–ગુરુ કે શિક્ષકનો કોઈ પણ પ્રકારનો વિનય નહિ. (૩) **ઉદ્ધતાઇ**–ગમે તેમ બોલવું, ગમે તેમ ચાલવું, ગમે તેવી ઠઠ્ઠામશ્કરીઓ અને તોફાન કરવાં. (૩) **હૉટેલગમન**–હૉટેલ તથા રેસ્ટોરાંઓમાં જવું અને ગમે તે પદાર્થો ગમે તેટલા પ્રમાણમાં વાપરવા. (૪) **સિનેમાદર્શન**–અઠવાડિયે ઓછામાં ઓછું એક–બે વાર સિનેમા જોવા જવું અને તેના દ્વારા પઢાવવામાં આવતા પ્રેમના પાઠ પઢવા તથા બીજા પણ ગોરખ ધંધા શીખવા. (૫) **શૃંગારિક વાચન**–શૃંગારિક નવલકથાઓ, વાહિયાત વાર્તાઓ અને સિનેમાના ફરફરિયાઓ વાંચતા રહેવું. પરિણામે વૃત્તિ ડોલંડોલ અને શીલનો નાશ. આ સ્થિતિ કોઇ પણ રીતે સુધરવી

જોઈએ, કોઈ પણ ભોગે સુધરવી જોઈએ; અન્યથા પ્રજાનું પતન અનિવાર્ય છે.

## ૬. જ્ઞાનનું આધ્યાત્મિક મૂલ્ય

જ્ઞાન અથવા વિદ્યાનો વ્યવહાર દૃષ્ટિએ આટલો વિચાર કર્યા પછી તેનું આધ્યાત્મિક મૂલ્ય સમજવાનો પ્રયાસ કરીશું, તો એ સર્વથા ઉચિત ગણાશે.

લૌકિક શાસ્ત્રોમાં કહ્યું છે કે 'नहि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते।' 'આ લોકમાં જ્ઞાન જેવું પવિત્ર બીજું કંઈ નથી.' 'ज्ञानान्मोक्षस्ततोऽनन्तसुखप्राप्तिर्न संशयः।' જ્ઞાનથી મોક્ષ મળે છે અને તેથી અનંત સુખની પ્રાપ્તિ થાય છે, તેમાં સંશય નથી.' 'ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात् कुरुतेऽर्जुन!' 'હે અર્જુન! જ્ઞાનરૂપી અગ્નિ સર્વ કર્મોને બાળીને ભસ્મ કરે છે.'

જૈન શાસ્ત્રોમાં કહ્યું છે કે—

"पावाओ विणिवत्ती पवत्तणा तह य कुसलपक्खंमि।
विणयस्स य पडिवत्ती तिन्निवि नाणे समप्पिंति॥"

'પાપકાર્યોમાંથી નિવૃત્તિ, કુશલપક્ષમાં પ્રવૃત્તિ અને વિનયની પ્રાપ્તિ એ ત્રણે જ્ઞાનથી જ થાય છે.'

"नाणं च दंसणं चैव, चरित्तं च तवो तहा।
एयमग्गमणुपत्ता, जीवा गच्छन्ति सोग्गइं॥"

'જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપથી સંયુક્ત એવા માર્ગને પામેલા જીવો સદ્‌ગતિમાં (મોક્ષમાં) જાય છે.'

सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः। 'સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર મોક્ષનો માર્ગ છે.' (અહીં તપનો અંતર્ભાવ ચારિત્રમાં કરેલો છે.)

'नाणकिरियाहिं मोक्खो' 'જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ થાય છે.' (અહીં સમ્યગ્દર્શનને સમ્યગ્જ્ઞાનમાં જ અન્તર્ભૂત કરેલું છે, કારણ કે સમ્યગ્દર્શન વડે જ જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન કહેવાય છે.)

'चरणं सारो नाणस्स' 'ચારિત્ર એ જ્ઞાનનો સાર છે.'

તાત્પર્ય કે--જ્ઞાન એ મોક્ષમાર્ગની આરાધનાનું એક અનિવાર્ય અંગ છે.

## ૭. જ્ઞાન વિષે જૈન મહાત્માઓ

જૈન મહાત્માઓ કહે છે કે—

"श्रद्धामूल किरिया कही, तेहनुं मूळ ते ज्ञान।
तेहथी शिवसुख बहुजना, पाम्या धरी एकतान॥"

'સંયમ અને તપરૂપી ક્રિયાનું મૂળ શ્રદ્ધા છે, પણ એ શ્રદ્ધાનું મૂળ જ્ઞાન છે. જો જ્ઞાન ન હોય તો જીવ-અજીવ આદિ તત્ત્વો પર શ્રદ્ધા થતી નથી. એ જ્ઞાન સાથે એકતાનતા અનુભવીને ઘણા માણસો શિવસુખ પામ્યા છે.'

"ज्ञानवृक्ष सेवो भविक, चारित्र-समकित मूल।
अजर अमरपद फल लहो, जिनवरपदवी फूल॥"

'હે ભવ્ય જીવો! તમે જ્ઞાનરૂપી વૃક્ષનું આરાધન કરો

કે જેનું મૂળ ચારિત્ર અને સમ્યક્ત્વ છે, જેનું ફૂલ જિનવરની પદવી છે અને જેનું ફલ અજર–અમર પદ એટલે મોક્ષ છે.'

" ज्ञान अपूरव ग्रहण कर, जागे अनुभवरंग ।
कुमति–जाल सब जाटके, उछले तत्त्वतरंग ॥ "

'હે ભાઇ ! તું અપૂર્વ એવા જ્ઞાનને ગ્રહણ કર, જેથી તારા આત્મામાં અનુભવનો રંગ જાગૃત થાય, કુમતિએ ફેલાવેલી બધી જાળ તૂટી પડે અને તત્ત્વનાં તરંગો ઉછળવા લાગે.'

" अन्नाण-संमोह-तमोहरस्स, नमो नमो नाण–दिवायरस्स ॥"

'અજ્ઞાન અને સંમોહરૂપી અંધકારને દૂર કરનાર જ્ઞાન-દિવાકરને વારંવાર નમસ્કાર હો.'

" नाण स्वभाव जे जीवनो, स्वपर–प्रकाशक तेह ।
तेह नाण दीपक समुं, प्रणमो धर्मसनेह ॥ "

'જાણવું એવો જે જીવનો સ્વભાવ છે, તે જ સ્વપર–પ્રકાશક છે. એટલે પોતે પોતાને અને બીજાને તેથી જ જાણી શકે છે. તે જ્ઞાન અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરવા માટે દીવા જેવું છે, માટે તેને ધર્મના સ્નેહથી–ધર્મની બુદ્ધિએ પ્રણામ કરો.'

" बहु कोड्यो वरसे खपे, कर्म अज्ञाने जेह ।
ज्ञानी श्वासोच्छ्वासमां, कर्म खपावे तेह ॥

'અજ્ઞાનમાં સબડી રહેલો આત્મા જે કર્મ ક્રોડો વર્ષમાં

ખપાવે છે, તે જ કર્મ જ્ઞાની આત્મા માત્ર શ્વાસોચ્છ્વાસમાં ખપાવી દે છે.'

" ज्ञान विना पशु सारिखा, जाणो एणे संसार ।
ज्ञान-आराधनथी लह्युं, शिवपद-सुख श्रीकार ॥
ज्ञान रहित किरिया कही, काशकुसुम उपमान ।
लोकालोक प्रकाशकर, ज्ञान एक परधान ॥
ज्ञानी सासोसासमें, करे कर्मनो खेह ।
पूर्व कोडी वरसां लगें, अज्ञाने करे तेह ॥
देश आराधक क्रिया कही, सर्व आराधक ज्ञान ।
ज्ञान तणो महिमा घणो, अंग पांचमे भगवान ॥ "

'આ સંસારમાં જે જીવોને જ્ઞાન નથી તે પશુના જેવા છે. જે પુરુષોએ શ્રીકાર એવું મોક્ષનું સુખ મેળવ્યું છે તે જ્ઞાનની આરાધનાથી જ મેળવ્યું છે.

'જે ક્રિયાની પાછળ જ્ઞાન નથી તેને આકાશ-કુસુમની ઉપમા આપવામાં આવે છે, અર્થાત્ તેનું ફળ કંઇ જ નથી.'

'લોક અને અલોકનો પ્રકાશ કરનારું એવું જ્ઞાન જ શ્રેષ્ઠ છે. જ્ઞાની એક શ્વાસોચ્છ્વાસમાં જે કર્મ ખપાવી દે છે તે જ કર્મ અજ્ઞાનીને ખપાવતાં ક્રોડો પૂર્વ જેટલો સમય લાગી જાય છે.

'ક્રિયા એ દેશ--આરાધક છે અને જ્ઞાન એ સર્વ-આરાધક છે. આ રીતે જ્ઞાનનો મહિમા ઘણો છે, જે શ્રમણ ભગવાન મહાવીરે શ્રી ભગવતીજી નામના પાંચમા અંગમાં દર્શાવેલો છે.'

" गुण अनंत आतमतणा रे, मुख्यपणे तिहां दोय ।
तेमां पण ज्ञान ज वडुं रे, जिणथी दंसण होय ॥
भवियण चित्त धरो
मन-वच-काय अमायो रे, ज्ञान-भगति करो ॥
ज्ञाने चारित्रगुण वधे रे, ज्ञाने उद्योत सहाय ।
ज्ञाने थिविरपणुं लहे, आचारज-उवज्झाय रे ॥ भ० ॥
ज्ञानी श्वासोच्छ्वासमां रे, कठिण करम करे नाश ।
वह्नि जेम इंधण दहे रे, क्षणमां ज्योति प्रकाश ॥ भ० ॥
प्रथम ज्ञान पछी दया रे, संवर मोहविनाश ।
गुणगणग पगथालिये रे, जेम चढे मोक्ष आवास ॥भ०॥ "

'આત્માના ગુણો અનંતા છે, તેમાં જ્ઞાન અને વીર્ય એ બે ગુણો મુખ્ય છે, એ બેમાં પણ મુખ્યતા જ્ઞાનની છે કે જેના લીધે દર્શન થાય છે; માટે હે ભવ્યજનો! મારી વાત ધ્યાન પર લો અને તમે મન--વચન--કાયાથી દંભરહિત બનીને જ્ઞાનની ઉપાસના કરો.

'જ્ઞાનથી ચારિત્રના મૂળગુણ અને ઉત્તરગુણમાં વૃદ્ધિ થાય છે; જ્ઞાનથી શાસ્ત્રનો બોધ થવામાં સહાય મળે છે અને જ્ઞાનથી જ આચાર્ય તથા ઉપાધ્યાય સ્થવિરપણું પામે છે. (જે સૂત્ર તથા અર્થ--ગીત+અર્થ જાણે છે તે જ ગીતાર્થ કે સ્થવિર કહેવાય છે.)'

'જ્ઞાનથી ગમે તેવા કઠિન કર્મોનો શ્વાસોચ્છ્વાસમાં નાશ

થાય છે. જેમ અગ્નિ લાકડાંને બાળે છે તેમ જ્ઞાન કર્મોને બાળી નાખે છે અને તેથી ક્ષણ વારમાં જ આત્મજ્યોતિનો પ્રકાશ થાય છે.

'પહેલું જ્ઞાન છે અને પછી દયા છે એટલે કે દયાદિ ચારિત્રની સર્વ ક્રિયાઓ જ્ઞાનના ફલરૂપે હોય છે. તેનાથી સંવર પ્રગટે છે અને મોહનો વિનાશ થાય છે તથા માણુસ જેમ સીડીનાં પગથિયાં સડસડાટ ચડતો જાય છે તેમ જ્ઞાની પુરુષ જ્ઞાન વડે ગુણુસ્થાનકનાં પગથિયાં ચડતો જાય છે.'

"भक्ष्याभक्ष्य न जे विण लहिये, पेय–अपेय विचार ।
कृत्य–अकृत्य न जे विण लहिये, ज्ञान ते सकल आधार ॥
प्रथम ज्ञानने पछे अहिंसा, श्रीसिद्धांते भाख्युं ।
ज्ञानने वंदो ज्ञान म निंदो, ज्ञानीए शिवसुख चाख्युं रे ॥"

'જેના વિના ભક્ષ્ય--ખાવા યોગ્ય અને અભક્ષ્ય--ન ખાવા યોગ્ય તેની ખબર પડતી નથી, પેય–પીવા યોગ્ય અને અપેય–ન પીવા યોગ્ય તેનો વિચાર આવતો નથી, વળી જેના વિના કર્તવ્ય--કરવા યોગ્ય અને અકર્તવ્ય--ન કરવા યોગ્ય તે જાણી શકાતું નથી, માટે જ્ઞાન એ સકલ ધર્મક્રિયાનો આધાર છે.'

'પહેલું જ્ઞાન અને પછી અહિંસા--દયા એવું શ્રી જિનેશ્વર-દેવોના આગમમાં કહેલું છે, તેથી જ્ઞાનને વંદન કરો, તેની આરાધના કરો, તેની ઉપાસના કરો. જે કોઈએ શિવસુખ ચાખ્યું તેણે જ્ઞાન વડે જ ચાખ્યું છે.'

જૈન મહાત્માઓની આ તેજસ્વી ને સુસ્પષ્ટ વાણી સાંભળ્યા

પછી 'જ્ઞાનનું આરાધન કે જ્ઞાનની ઉપાસના શા માટે કરવી જોઈએ ?' એ પ્રશ્ન પૂછવાનો રહે છે ખરો ?

## ૮. નવપદમાં જ્ઞાનને વિશિષ્ટ સ્થાન

જૈન ધર્મમાં નવપદના આરાધનનો ભારે મહિમા છે. તેમાં પણ જ્ઞાનને વિશિષ્ટ સ્થાન આપવામાં આવ્યું છે, તે આ રીતે—

| | | | |
|---|---|---|---|
| ૧ | પહેલું પદ | અરિહંત | દેવ |
| ૨ | બીજું પદ. | સિદ્ધ | દેવ |
| ૩ | ત્રીજું પદ | આચાર્ય | ગુરુ |
| ૪ | ચોથું પદ | ઉપાધ્યાય | ગુરુ |
| ૫ | પાંચમું પદ | સાધુ | ગુરુ |
| ૬ | છઠ્ઠું પદ | દર્શન | ધર્મ |
| ૭ | સાતમું પદ | જ્ઞાન | ધર્મ |
| ૮ | આઠમું પદ | ચારિત્ર( સંયમ ) | ધર્મ |
| ૯ | નવમું પદ | તપ | ધર્મ |

તેમાં જ્ઞાન અંગે કહેવામાં આવ્યું છે કે—

" जीवाजीवाइपयत्थ–सत्थतत्तावबोहरूवं च ।
नाणं सव्वगुणाणं, मूलं सिक्खेह विणएणं ॥"

'જીવાજીવાદિક પદાર્થ--સમૂહના યથાર્થ અવબોધરૂપ જ્ઞાનને સર્વ ગુણોનું મૂળ કારણ જાણીને વિનય તથા બહુમાન વડે ભણો.'

આ પદનું વિશેષ વર્ણન કરતાં કહ્યું છે કે—

" सवन्नुपणीयागम-भणियाणजहट्ठियाण तत्ताणं ।
जो सुद्धो अवबोहो, तं सन्नाणं मह पमाणं ॥ १ ॥"

સર્વજ્ઞપ્રણીત આગમમાં ભાખેલા યથાસ્થિત તત્ત્વોનો જે શુદ્ધ અવબોધ તે **સમ્યગ્જ્ઞાન** મારે પ્રમાણ છે. ૧.

" जेणं भक्खाभक्खं, पिज्जापिज्जं अगम्म-अविगम्मं ।
किच्चाकिच्चं नज्जइ, तं सन्नाणं मह पमाणं ॥ २ ॥"

જે વડે ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, ગમ્યાગમ્ય ( જાણવા યોગ્ય અને ન જાણવા યોગ્ય ), અને કૃત્યાકૃત્ય જણાય છે, તે **સમ્યગ્જ્ઞાન** મારે પ્રમાણ છે. ૨.

" सयलकिरियाण मूलं, सद्धा लोयंमि तीइ सद्धाए ।
जं किर हवइ मूलं, ते सन्नाणं मह पमाणं ॥ ३ ॥"

આ લોકમાં સર્વ ક્રિયાઓનું મૂળ શ્રદ્ધા ગણાય છે, તે શ્રદ્ધાનું પણ જે મૂળ (કારણ) છે, તે **સમ્યગ્જ્ઞાન** મારે પ્રમાણ છે. ૩

जं मइसुयओहिमयं, मणपज्जवरूवं केवलमयं य ।
पंचविहं सुपसिद्धं, तं सन्नाणं मह पमाणं ॥ ४ ॥

જે મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ એમ પાંચ પ્રકારે સુપ્રસિદ્ધ છે, તે **સમ્યગ્જ્ઞાન** મારે પ્રમાણ છે. ૪

केवलमणोहिणंपि हु, वयणं लोयाण कुणइ उवयारं ।
जं सुयमइरूवेणं, तं सन्नाणं मह पमाणं ॥ ५ ॥

કેવળજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની કે અવધિજ્ઞાનીનાં પણ વચન

જે મતિ–શ્રુતરૂપે લોકોનો ઉપકાર કરે છે, તે **સમ્યગ્જ્ઞાન** મારે પ્રમાણ છે. ૫.

**सुयनाणं चेव दुवालसंगरूवं परूवियं जत्थ ।**
**लोयाणुवयारकरं, तं सन्नाणं मह पमाणं ॥ ६ ॥**

જે જિનાગમમાં આચારાંગાદિ દ્વાદશાંગરૂપ શ્રુતજ્ઞાન જ જગઉપકારી (જગતના જીવો પર મહાન્ ઉપકાર કરનારું) કહેલું છે, તે **સમ્યગ્જ્ઞાન** મારે પ્રમાણ છે. ૭.

**तत्तुच्चिय जं भव्वा, पढंति पाढंति दिंति निसुणंति ।**
**पूयंति लिहावंति य, तं सन्नाणं मह पमाणं ॥ ७ ॥**

તેટલા માટે જ ભવ્યજનો જે (શાસ્ત્રને) ભણે છે, ભણાવે છે, સાંભળે છે, પૂજે છે અને લખાવે છે, તે **સમ્યગ્જ્ઞાન** મારે પ્રમાણ છે. ૭.

**जस्स बलेण अज्जवि, नज्जइ तियलोयगोयरवियारो ।**
**करगहियामलयं पिव, तं सन्नाणं मह पमाणं ॥ ८ ॥**

જેના બળથી આ જ પણ ત્રણે લોકના ભાવ, હાથમાં રહેલા આમળાની પેરે જણાય છે, તે **સમ્યગજ્ઞાન** મારે પ્રમાણ છે. ૮.

**जस्स पसाएण जणा, हवंति लोयंमि पुच्छणिज्जा य ।**
**पुज्जा य वन्नणिज्जा, तं सन्नाणं मह पमाणं ॥ ९ ॥**

જેના પ્રસાદથી ભવ્યજનો લોકમાં પૂછવા યોગ્ય, માનવા

યોગ્ય અને વખાણવા યોગ્ય થાય છે, તે **સમ્યગ્જ્ઞાન** મારે પ્રમાણ છે. ૯.

## ૯. જ્ઞાનના પાંચ પ્રકારો

આ રીતે મોક્ષમાર્ગની આરાધનાના અનિવાર્ય અંગરૂપ સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ સમજી લીધા પછી 'જ્ઞાનના શાસ્ત્રીય ભેદો કેટલા છે?' તે જાણી લેવાનું યોગ્ય ગણાશે.

એક જૈન મહાત્મા કહે છે કે—

**असंख्य भेद किरियातणा, भाख्या श्री अरिहंत ।**
**ज्ञानमूल सफलां सवे, पंचभेद तस तंत ॥**
**मइ सुअ ओहि मणपज्जवा, पंचम केवल जाण ।**
**पूजा करतां तेहनी, लहिये पंचम नाण ॥**

"શ્રી અરિહંત ભગવાને ક્રિયાના અસંખ્ય ભેદો કહેલા છે, પણ તે જ્ઞાનમૂલક હોય તો જ સફળ થાય છે. આવા જ્ઞાનના તંત્રમાં-શાસ્ત્રમાં પાંચ ભેદ કહેલા છે. (૧) **मइ**-મતિ (૨) **सुअ**-શ્રુત (૩) **उहि**-અવધિ (૪) **मणपज्जवा**-મનઃપર્યવ અને પાંચમું (૫) **केवल**-કેવળ. આ પાંચે જ્ઞાનની પૂજા કરતાં આપણે પાંચમું જ્ઞાન એટલે કેવળજ્ઞાન પામી શકીએ છીએ."

## ૧૦. પાંચ જ્ઞાનના એકાવન ભેદો

(૧) મતિ વડે-બુદ્ધિ વડે થતું જ્ઞાન તે મતિજ્ઞાન. વધારે સ્પષ્ટ કહીએ તો સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એ પાંચ ઇંદ્રિયો તથા છઠ્ઠા નોઇંદ્રિય એવા મન વડે થતો વસ્તુનો

અર્થાભિમુખ–નિશ્ચિત–મર્યાદિત બોધ તે મતિજ્ઞાન. આ જ્ઞાન ચાર પગથિયે થાય છે. તેમાંનું પહેલું પગથિયું **અવગ્રહ** છે, બીજું પગથિયું **ઇહા** છે, ત્રીજું પગથિયું **અપાય** છે અને ચોથું પગથિયું **ધારણા** છે. અર્થને–જાણવા યોગ્ય પદાર્થને ગ્રહણ કરવો તે અવગ્રહ. તેમાં પ્રથમ વ્યંજન ગ્રહણ કરાય છે અને પછી અર્થ–' કંઈક છે ' એવો અવ્યક્ત બોધ ગ્રહણ કરાય છે એટલે તેના **વ્યંજનાવગ્રહ** અને **અર્થાવગ્રહ** એવા બે વિભાગો માનવામાં આવે છે. તે સંબંધી વિચારણા કરવી કે ' આ શું હશે ? આ હશે ? તે હશે ?' તે **ઈહા.** તેનો નિશ્ચય કરવો કે ' આ અમુક છે ' તે **અપાય** અને તેને યાદ રાખી લેવું કે મેં અનુભવેલી વસ્તુ આ હતી તે **ધારણા.** આ રીતે પાંચ ઇંદ્રિયો અને છઠ્ઠા મનનો વ્યંજનાવગ્રહ, અર્થાવગ્રહ, ઇહા, અપાય ને ધારણા થાય તો ( ૬×૫=૩૦ ) કુલ ભેદો ત્રીશ થાય, પરંતુ ચક્ષુનો તથા મનનો વ્યંજનાવગ્રહ થતો નથી કારણ કે તે બન્ને અપ્રાપ્યકારી છે એટલે કે ઇન્દ્રિય અને વિષયના સંયોગસંબંધની અપેક્ષા નથી તે કારણથી તે બે ભેદો બાદ કરતાં મતિજ્ઞાનના મુખ્ય ભેદો અઠ્ઠાવીશ થાય છે, તે આ રીતેઃ—(૧) સ્પર્શનેન્દ્રિય વ્યંજનાવગ્રહ (૨) રસનેન્દ્રિય વ્યંજનાવગ્રહ (૩) ઘ્રાણેન્દ્રિય વ્યંજનાવગ્રહ (૪) શ્રોત્રેન્દ્રિય વ્યંજનાવગ્રહ (૫) સ્પર્શનેન્દ્રિય અર્થાવગ્રહ (૬) રસનેન્દ્રિય અર્થાવગ્રહ (૭) ઘ્રાણેન્દ્રિય અર્થાવગ્રહ (૮) ચક્ષુરિન્દ્રિય અર્થાવગ્રહ (૯) શ્રોત્રેન્દ્રિય અર્થાવગ્રહ (૧૦) માનસાર્થાવગ્રહ (૧૧) સ્પર્શ૦ ઈહા (૧૨) રસ૦ ઇહા (૧૩) ઘ્રાણ૦ ઈહા (૧૪) ચક્ષુ૦ ઇહા (૧૫) શ્રોત્ર૦ ઈહા (૧૬) મન૦ ઇહા (૧૭) સ્પર્શ૦

અપાય (૧૮) રસ૦ અપાય (૧૯) ઘ્રાણ૦ અપાય (૨૦) ચક્ષુ૦ અપાય (૨૧) શ્રોત્ર૦ અપાય (૨૨) મન૦ અપાય (૨૩) સ્પર્શ૦ ધારણા (૨૪) રસ૦ ધારણા (૨૫) ઘ્રાણ૦ ધારણા (૨૬) ચક્ષુ૦ ધારણા (૨૭) શ્રોત્ર૦ ધારણા અને (૨૮) મન૦ ધારણા.

આ જ્ઞાન આત્માને પરોક્ષ છે પણ ઇન્દ્રિયો અને મનને પ્રત્યક્ષ છે, તેથી લૌકિકપ્રત્યક્ષ કહેવાય છે. તેના જાતિ-સ્મરણ વગેરે ભેદો શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.

(૨) શ્રુત વડે-સાંભળવાથી થતું જ્ઞાન તે શ્રુતજ્ઞાન. વધારે સ્પષ્ટ કરીએ તો શબ્દના નિમિત્તથી (વાચ્યવાચકના સંકેતરૂપે) ઇંદ્રિયો અને મનદ્વારા થતું મર્યાદિત જ્ઞાન તે શ્રુતજ્ઞાન. તેના મુખ્ય ભેદો બે છે: **અક્ષરશ્રુત** અને **અનક્ષરશ્રુત.** તેમાં અક્ષર એટલે અઢાર પ્રકારની લિપિ તેથી જે જ્ઞાન થાય તે અક્ષર-શ્રુત અને ઉચ્છ્વાસ, નિઃશ્વાસ, થૂંકવું, ખાંસી, છીંક, સૂંઘવું, ચપટી વગાડવી વગેરે અનક્ષર શબ્દથી જે જ્ઞાન થાય તે અનક્ષરશ્રુત. આ રીતે લેખન, વાચન કે સ્વાધ્યાયનો સમાવેશ અક્ષરશ્રુતમાં થાય છે. આ જ્ઞાનના બીજી રીતે ભેદ પાડીએ તો **સમ્યક્શ્રુત** અને **મિથ્યાશ્રુત** એવા બે ભાગો પડી શકે છે. તેમાં સમ્યક્ત્વ ધારણ કરનારાએ જે કંઈ શ્રુત ગ્રહણ કર્યું હોય તે સમ્યક્શ્રુત અને મિથ્યાત્વીએ જે કંઈ ગ્રહણ કર્યું હોય તે મિથ્યાશ્રુત. આ બે પ્રકારો પૈકી સમ્યક્શ્રુત ઇષ્ટ હોવાથી તેને જ સામાન્ય રીતે 'શ્રુત' તરીકે ઓળખવામાં આવે છે. આ સિવાય બીજી રીતે પણ તેના ભેદો કરવામાં આવે છે. જેમકે સંજ્ઞિશ્રુત-અસંજ્ઞિશ્રુત, સાદિશ્રુત-અનાદિશ્રુત, સપર્યવસિતશ્રુત-

અપર્યવસિતશ્રુત, ગમિકશ્રુત–અગમિકશ્રુત, અંગપ્રવિષ્ટશ્રુત–અનંગપ્રવિષ્ટશ્રુત. આ ભેદોનું સંક્ષિપ્ત સ્વરૂપ આ પ્રમાણે—

**સંજ્ઞિશ્રુત**–સંજ્ઞાના ત્રણ પ્રકાર છે. હેતુવાદોપદેશિકી, દીર્ઘકાલિકી અને દૃષ્ટિવાદોપદેશિકી. વર્ત્તમાનકાળ પૂરતો જ ઈષ્ટ, અનિષ્ટનો વિચાર તેમજ તેને લાયક પ્રવૃત્તિ, નિર્વૃત્તિ તે હેતુવાદોપદેશિકી. કેમ કરવું ? કેમ થાશે ? ઇત્યાદિ ભૂત, ભવિષ્યનો દીર્ઘ વિચાર તે દીર્ઘકાલિકી. અને સમ્યગ્દૃષ્ટિ આત્માનો જે આત્મકલ્યાણ માટે વિચાર તે દૃષ્ટિવાદોપદેશિકી. તેમાં હેતુવાદોપદેશિકી સંજ્ઞાની અપેક્ષાએ, એકેન્દ્રિયને અસંજ્ઞી સમજવા. અને બાકીના સંસારી સર્વ છદ્મસ્થ જીવો સંજ્ઞી સમજવા, દીર્ઘકાલિકી સંજ્ઞાની અપેક્ષાએ સંજ્ઞી પંચેન્દ્રિય છદ્મસ્થ આત્માઓ સંજ્ઞી સમજવા. તે સિવાય એકેન્દ્રિયથી સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય સુધીના સર્વે અસંજ્ઞી સમજવા. દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞાની અપેક્ષાએ જેટલા સમકિતવંત તે ( કેવલી સિવાય ) સંજ્ઞી જાણવા અને મિથ્યાદૃષ્ટિ બધાય અસંજ્ઞી જાણવા. અહિં દીર્ઘકાલિકી સંજ્ઞાની અપેક્ષાએ સંજ્ઞિશ્રુત–અસંજ્ઞિશ્રુતના વિભાગો સમજવાના છે. એટલે સંજ્ઞી પંચેન્દ્રિય છદ્મસ્થ આત્માઓનું જે શ્રુત તે **સંજ્ઞિશ્રુત** અને તે સિવાય એકેન્દ્રિયથી સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય સુધીના જીવોનું જે શ્રુત તે **અસંજ્ઞિશ્રુત** સમજવું.

**સાદિશ્રુત** અને **અનાદિશ્રુત** તેમજ **સપર્યવસિતશ્રુત–અપર્યવસિતશ્રુત** :દ્રવ્ય–ક્ષેત્ર–કાળ તથા ભાવની અપેક્ષાએ વિચારવાનું છે. દ્રવ્યથી એક વ્યક્તિની અપેક્ષાએ શ્રુતજ્ઞાનની આદિ અને અંત–( પર્યવસાન ) હોય, અને અનેક વ્યક્તિઓની

અપેક્ષાએ શ્રુત અનાદિ અપર્યવસિત હોય. ક્ષેત્રની અપેક્ષાએ પાંચ ભરત તેમજ પાંચ ઐરવતમાં સાદિ પર્યવસિતશ્રુત અને પાંચ મહાવિદેહમાં અનાદિ અપર્યવસિતશ્રુત જાણવું. કાળની અપેક્ષાએ ઉત્સર્પિણી-અવસર્પિણીમાં સાદિ સપર્યવસિત અને નોઉત્સર્પિણી નોઅવસર્પિણી( મહાવિદેહ )માં અનાદિ અપર્યવસિત સમજવું. ભાવની અપેક્ષાએ ભવ્ય જીવો માટે સાદિ-સપર્યવસિત અને અભવ્ય જીવો માટે અનાદિઅપર્યવસિત સમજવું. **ગમિકશ્રુત** અને **અગમિકશ્રુત**-ગમા એટલે સરખા પાઠ જેમાં આવે તેવું દૃષ્ટિવાદમાં રહેલું ગમિકશ્રુત. અને જેમાં સરખે સરખા આલાવા ન હોય તે અગમિકશ્રુત કહેવાય છે.

શ્રી ગૌતમસ્વામી આદિ ગણધરોએ રચેલું તે **અંગપ્રવિષ્ટ** અને ભદ્રબાહુસ્વામી વગેરે ચતુર્દશપૂર્વધરાદિ વૃદ્ધ આચાર્યોએ રચેલું તે **અનંગપ્રવિષ્ટ.** આ રીતે શ્રુતજ્ઞાનના કુલ ચૌદ ભેદો ગણવામાં આવે છે.

આ જ્ઞાન પણ લૌકિકપ્રત્યક્ષ છે, જ્યારે બાકીના ત્રણ આત્માને પ્રત્યક્ષ છે અને લૌકિકપરોક્ષ છે.

શ્રુતજ્ઞાનના આ ચૌદ વિભાગો પૈકી અંગપ્રવિષ્ટના બાર પ્રકારો છે, જે દ્વાદશાંગી કે નિર્ગ્રંથ-પ્રવચન કહેવાય છે. તેનાં નામો તથા વિષય નીચે મુજબઃ

( ૧ ) **આચારાંગ**-જેમાં શ્રમણ નિર્ગ્રંથોના આચાર, ગોચરીવિધિ, વિનય, સંયમ તથા પાંચ આચાર વગેરેનું વર્ણન કરેલું છે.

( ૨ ) **સૂત્રકૃતાંગ**-[સુયગડાંગ] જેમાં ક્રિયાવાદીના, અક્રિયા-

વાદીના, અજ્ઞાનવાદીના અને વિનયવાદીના મળીને પાખંડીના ત્રણ સો ને ત્રેસઠ ભેદો વિસ્તારથી વર્ણવવા સાથે શુદ્ધતત્ત્વનું નિરૂપણ કરવામાં આવેલ છે.

( ૩ ) **સ્થાનાંગ**–[ ઠાણુંગ ] જેમાં એકથી દશ સંખ્યા સુધીના અનેક ભાવોનું ઘણું જ સુંદર સ્વરૂપ છે.

( ૪ ) **સમવાયાંગ**–જેમાં એકથી સો પર્યંતની સંખ્યાવાળા પદાર્થોનો જેમાં અંતરભાવ થાય છે, તેની પ્રરૂપણા કરી છે.

( ૫ ) **વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ ( ભગવતીજી )**–જેમાં અનેક મહત્ત્વના વિષયો પર બધા મળીને છત્રીશ હજાર પ્રશ્ન છે.

( ૬ ) **જ્ઞાતધર્મકથાંગ**–જેમાં ધર્મકથામાં ઉપયોગી જ્ઞાત–ઉદાહરણોનું વર્ણન છે.

( ૭ ) **ઉપાસકદશાંગ**–જેમાં દશ શ્રાવકોએ લીધેલા વ્રતોનું વર્ણન છે.

( ૮ ) **અન્તકૃદ્દશાંગ**–જેમાં તીર્થંકર વગેરે ચરમશરીરી જીવોના નગરો, ઉદ્યાનો, ચૈત્યો વગેરેનું વર્ણન છે.

( ૯ ) **અનુત્તરોપપાતિક દશાંગ**–જેમાં અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનારાઓનું વર્ણન છે.

( ૧૦ ) **પ્રશ્નવ્યાકરણાંગ**–જેમાં પૂછેલા અને નહિ પૂછેલા એવા એક સો ને આઠ પ્રશ્નોના ઉત્તર છે.

( ૧૧ ) **વિપાકશ્રુતાંગ**–જેમાં શુભાશુભ કર્મના વિપાકનું ફળ કહેલું છે.

(૧૨) **દૃષ્ટિવાદાંગ**-તેના પાંચ ભેદો છે: (૧) પરિકર્મ (૨) સૂત્ર (૩) પૂર્વગત (૪) અનુયોગ અને (૫) ચૂલિકા. તેમાં પરિકર્મ સાત પ્રકારે છે, સૂત્ર બાવીશ પ્રકારે છે, પૂર્વગત ચૌદ પ્રકારે છે, અનુયોગ બે પ્રકારે છે અને ચૂલિકા પ્રથમના ચાર પૂર્વ પરની છે, બાકીના પૂર્વો ચૂલિકા વિનાના છે. **આ અંગ હાલમાં વિચ્છેદ છે**, એટલે અંગોની સંખ્યા ૧૧ ની ગણાય છે.

અંગપ્રવિષ્ટશ્રુત સિવાય બીજું પણ કેટલુંક શ્રુત માનનીય છે, જેમાં મુખ્યત્વે ૧૨ ઉપાંગ, ૧૦ પયન્ના, ૬ છેદસૂત્ર, ૪ મૂલસૂત્ર અને ૨ નંદીસૂત્ર તથા અનુયોગદ્વાર સૂત્રની ગણના થાય છે. આ સાહિત્ય અને ઉપર જણાવેલાં ૧૧ અંગો મળીને કુલ ૪૫ આગમો કહેવાય છે, જેને **શ્રુતજ્ઞાન** પરંપરાથી ગણવામાં આવે છે.

(૩) **અવધિજ્ઞાન**ના છ ભેદો નીચે મુજબ છે:

(૧) અનુગામી-અન્ય સ્થળે જનારા પુરુષની સાથે લોચનની જેમ જાય તે અનુગામી. નારકી અને દેવને આ પ્રકારનું અવધિજ્ઞાન હોય છે.

(૨) અનનુગામી-જે પુરુષની સાથે અન્ય ક્ષેત્રમાં ન જાય તે અનનુગામી.

(૩) વર્ધમાન-જે અનુક્રમે વૃદ્ધિ પામે તે વર્ધમાન.

(૪) હીયમાન-જે યોગ્ય સામગ્રીના અભાવથી ઘટી જાય તે હીયમાન.

(૫) પ્રતિપાતી–જે થયા પછી પડે તે પ્રતિપાતી.

(૬) અપ્રતિપાતી–જે થયા પછી કેવલજ્ઞાન પર્યંત લઇ જાય તે અપ્રતિપાતી.

(૪) **મનઃપર્યવજ્ઞાન**ના બે ભેદો છેઃ (૧) ઋજુમતિ અને (૨) વિપુલમતિ. તેમાં મનોગત ભાવો સામાન્યપણે જાણે તે ઋજુમતિ અને વિશેષપણે જાણે તે વિપુલમતિ.

(૫) **કેવલજ્ઞાન**નો એક જ ભેદ છે અર્થાત્ તેના બીજા ભેદો નથી.

આ રીતે જ્ઞાનના મુખ્ય ભેદો એકાવન થાય છે, તેથી વિશિષ્ટ જ્ઞાનારાધના–જ્ઞાનોપાસના પ્રસંગે ચોખાના ૫૧ સાથિયા કરવામાં આવે છે તથા ૫૧ ખમાસમણ દેવામાં આવે છે.

## ૧૧. શ્રુતજ્ઞાનની મહત્તા

એકાવન ભેદવાળા આ પાંચ પ્રકારના જ્ઞાનમાં કેવલજ્ઞાન શ્રેષ્ઠ છે પણ મહત્તા શ્રુતજ્ઞાનની છે, કારણ કે તે એક જ જ્ઞાન બોલતું છે અને બીજાં જ્ઞાનો મૂંગા છે. કહ્યું છે કે—

**जाणे केवले केवली, श्रुतथी करे वखाण ।**
**चउ मूंगा श्रुत बोलतुं, भाखे त्रिभुवन भाण ।**

" કેવલજ્ઞાની પોતાને ઉત્પન્ન થયેલા કેવલજ્ઞાન વડે બધું જાણી શકે છે પણ તેનું વ્યાખ્યાન તો શ્રુતજ્ઞાનથી જ કરી શકે છે. ત્રણ ભુવનના સૂર્ય સમા શ્રી તીર્થંકરદેવોએ કહ્યું છે કે–બીજાં ચાર જ્ઞાનો મૂંગા છે અને શ્રુત એક બોલતું છે."

જેમ દોરડાની રાશ કુમાર્ગે ચાલતા બળદને સન્માર્ગે લઈ જાય છે અને ચોકડું કે ચાબૂક કુમાર્ગે ચાલતા ઘોડાને સુમાર્ગે લઈ જાય છે, તેમ આ શ્રુતજ્ઞાન જીવોને સન્માર્ગે લઇ જાય છે. તેથી જ કહ્યું છે કે—

**" जइवि हु दिवसेण पयं धरिज्ज पक्खेण वा सिलोगद्धम् ।**
**उज्जोअ मा मुंचसु जइ इच्छसि सिक्खिउं नाणं ॥ "**

" આખા દિવસમાં એક જ પદ ભણી શકાય અથવા પંદર દિવસમાં અર્ધો શ્લોક જ ભણી શકાય, તો પણ જો જ્ઞાન શીખવાની ઇચ્છા હોય તો એ ઉદ્યમ છોડવો નહિ. "

કેવું છે જ્ઞાનનું મહત્ત્વ ? કેવી છે શ્રુતજ્ઞાનની અપૂર્વતા ? ખરેખર ! જેણે શ્રુતજ્ઞાનનું આરાધન કર્યું નથી, તે આ અમૂલ્ય માનવજન્મ હારી જ ગયો છે.

એક જ શ્લોકનું જ્ઞાન મેળવવાથી પૃથ્વીપાલ રાજા દરેક પ્રકારનું સુખ પામીને આખરે મુક્તિરમણીને વરી શકયો હતો, તથા જ્ઞાનનું વિરાધન કરીને વરદત્ત તથા ગુણમંજરીએ ભયંકર અજ્ઞાન અને રોગી અવસ્થા વહોરી લીધી હતી, તેથી સુજ્ઞ પાઠકોએ તે બંને વાતો-કથાઓ જાણવી જ જોઇએ.

## પૃથ્વીપાલ રાજાની કથા.

પૃથ્વીપુર નગરમાં સર્વ પદાર્થોની પરીક્ષા કરવામાં કુશલ અને તાત્કાલિક બુદ્ધિવાળો પૃથ્વીપાલ નામે રાજા હતો. તે એક વાર નગરચર્ચા જોવા માટે ગુપ્તવેશ ધારણ કરીને ફરવા

નીકળ્યો અને ચાલતાં ચાલતાં એક વિદ્યાપીઠ પાસે આવ્યો. ત્યાં એક પાઠક વડે બોલાતો નીચેનો શ્લોક સાંભળ્યો.

"सर्वत्र सुधियाः सन्तः, सर्वत्र कुधियोऽधमाः ।
सर्वत्र दुःखिनां दुःखं, सर्वत्र सुखिनां सुखम् ॥"

'સત્પુરુષો સર્વત્ર સદ્બુદ્ધિવાળા હોય છે, અધમ પુરુષો સર્વત્ર દુષ્ટ બુદ્ધિવાળા હોય છે, દુઃખી માણસોને સર્વત્ર દુઃખ હોય છે અને સુખી માણસોને સર્વત્ર સુખ હોય છે.'

આ શ્લોક સાંભળીને રાજાએ તેમાંની હકીકત સાચી છે કે ખોટી? તેની પરીક્ષા કરવાનો નિર્ણય કર્યો. પછી બીજા દિવસે તેણે પોતાના સેવકોને કહ્યું કે 'આપણા નગરમાં સજ્જનશા નામનો શેઠ અમુક સ્થળે રહે છે, તેને–તેના પુત્ર વિમલ સાથે–મારી પાસે જલદી બોલાવી લાવો.' એટલે સેવકોએ હુકમનો તાત્કાલિક અમલ કર્યો અને સજ્જનશા તથા તેના પુત્ર વિમલને પકડીને રાજાની સમક્ષ હાજર કર્યા. તે વખતે રાજાએ કૃત્રિમ ક્રોધ કરીને કહ્યું કે–'હે દુષ્ટો! તમે બંનેએ મારા હુકમનો ભંગ કર્યો છે, માટે હું તમને કેદમાં પૂરું છું.' અને તેમને કેદમાં પૂર્યા. પછી તે બાપ–દીકરો જે કંઇ વાત કરે તે સાંભળવાની ચરપુરુષોને આજ્ઞા કરી અને પોતાની તબિયત એકદમ લથડી ગઈ છે, તેવી બનાવટી વાતનો પ્રચાર કર્યો. તે વખતે ચરપુરુષો અંદર અંદર વાતો કરવા લાગ્યા કે 'રાજાજી બચે તેમ લાગતું નથી. જ્યાં આકસ્મિક આકરો વ્યાધિ આવી પડે ત્યાં જીવિતની આશા ક્યાંથી હોય?'

જો રાજાનું તરત જ મૃત્યુ થાય અને નવો રાજા ગાદીએ આવે તો રાજ્યાભિષેકની ખુશાલીમાં પોતે જલદી છૂટી જાય, એ બાપ-દીકરો સારી રીતે જાણતા હતા, તેમ છતાં સ્વભાવથી જ પરગજુ હોઈને બહુ શોક કરવા લાગ્યા અને આંખમાંથી આંસુ પાડતાં બોલ્યા : 'લાખોનો પાળનાર એવો અમારો રાજા હીમ-ખીમ રહેજો. જો કે તેણે અમને ખોટી રીતે પકડ્યા છે અને અમારી નાહકની કદર્થના કરી છે, પણ તેમાં અમે તેનો દોષ જોતા નથી. કારણ કે—

"सव्वो पुव्वकयाणं कम्माणं पावए फलविवागम् ।
अवराहेसु गुणेसु अ निमित्तमित्तं परो होइ ॥"

'સર્વ જીવો પોતાનાં પૂર્વે કરેલાં કર્મોનાં ફલવિપાકને પામે છે, તેમાં અપરાધ (હાનિ) અથવા ગુણ (લાભ) કરવાને વિષે બીજા તો નિમિત્તમાત્ર છે.

'એટલે કર્મવશ અમારું જે થવાનું હોય તે થાઓ પણ આ રાજાનું કોઈ રીતે અનિષ્ટ થશો નહિ. તે ચિરાયુ ભોગવો અને પ્રજાનું સારી રીતે પાલન કરો.'

ચરપુરુષોએ આ વાત રાજાને જાહેર કરી એટલે તેને ખાતરી થઈ કે '**सर्वत्र सुधियाः सन्तः**' 'સત્પુરુષો સર્વત્ર સદ્‌બુદ્ધિવાળા હોય છે.' પછી તેણે પોતાની શરીર-સુખાકારી પ્રકટ કરી અને પેલા બાપ-દીકરાને કેદમાંથી છૂટા કરીને તેમનો યોગ્ય સત્કાર કર્યો.

હવે બીજા પાદની પરીક્ષા કરવાની ઈચ્છાથી થોડા દિવસ

બાદ તે રાજાએ નગરના કોઈક નીચ પ્રકૃતિવાળા પિતા–પુત્રને પોતાની પાસે બોલાવ્યા અને બહુમાનપૂર્વક મંત્રી બનાવ્યા. પછી આગળની જેમ પોતાની નાદુરસ્ત તબિયત જાહેર કરી. તે વખતે પિતા–પુત્ર અંદર અંદર વાતો કરવા લાગ્યા કે 'જો આ અપુત્રિયો રાજા હમણાં જ મરે તો તેનું આખું રાજ્ય આપણા હાથમાં આવે. આપણને રાજ્યમાં કોણ માનતું નથી ? અને કદાચ કોઈ ન માને તો હાલહવાલ કરવાની શક્તિ આપણામાં ક્યાં નથી ? નવા રાજાની રીત એવી જ હોય છે. અથવા આખું રાજ્ય લેવાને સમર્થ નહિ થઈએ તો પણ આપણે આ રાજાનું સર્વસ્વ લૂંટી લઈશું અને તેની અંતઃપુરની રાણીઓ સાથે ભોગ ભોગવીશું, માટે આ રાજાનું પોતાની મેળે મરણ થાય છે તે સારું છે.'

ચર પુરુષોએ આ વાત જ્યારે રાજાને જાહેર કરી ત્યારે તે અત્યંત ક્ષોભ પામ્યો પણ '**सर्वत्र कुधियोऽधमाः**' 'અધમ પુરુષો સર્વત્ર કુબુદ્ધિવાળા હોય છે' એ વાતની તેને ખાતરી થઈ. પછી તેણે એ અધમ પિતા--પુત્રને તેમની અધમતાનો બદલો આપવા માટે જેલના સળીઆની પાછળ ધકેલી દીધા.

હવે ત્રીજા પાદની પરીક્ષા કરવા માટે પોતાના ચરપુરુષો દ્વારા જન્મથી જ દરિદ્રી એવા ભિખારીને બોલાવ્યો. તેણે શરીર પર તદ્દન ફાટી ગયેલું એક ગંધાતું વસ્ત્ર પહેર્યું હતું. તેના એક હાથમાં ભીખ માગવાની ઠીંકરી હતી અને બીજા હાથમાં ટેકો લેવા માટેની લાકડી હતી. તે શરીરે અત્યંત દુર્બળ હતો અને ચાલતાં ચાલતાં લથડિયાં ખાઈ જતો. તેને રાજાએ કહ્યું

કે 'હે ભિક્ષુક! હું તને અભ્યંગ, મર્દન, ઉદ્વર્તન, સ્નાન, ભોજન, વસ્ત્ર, શય્યા, આસન વગેરે મનગમતી વસ્તુઓ આપીને સુખી કરીશ, માટે તું મારી પાસે રહે અને યથેચ્છ સુખ ભોગવ. હું પૃથ્વીપતિ પ્રસન્ન થયે તારા નશીબને ફેરવી નાખવાને સમર્થ છું, માટે તું બધી ફીકર-ચિંતા છોડી દે અને તારો આ ભિક્ષુકનો વેશ ઉતારીને બીજો ઉત્તમ પોશાક ધારણ કર.' પરંતુ ભિખારીને રાજાના આ શબ્દો પર વિશ્વાસ આવ્યો નહિ, એટલે તેણે પોતાનો ભિખારીવેશ છોડ્યો નહિ. પછી રાજસેવકો બળજબરીથી તેનો પોશાક બદલાવવા લાગ્યા ત્યારે એ ભિખારી જાણે પોતાનું સર્વસ્વ લૂંટાઈ જતું હોય તેમ મોટેથી રોવા લાગ્યો. એટલે રાજાએ કહ્યું કે 'તારો પોશાક ભલે કાયમ રહ્યો પણ તું રાજમહેલમાં રહીને યથેષ્ટ ભોજન વગેરે દ્વારા સુખ ભોગવ.' ભિખારીએ તે વાત કબૂલ કરી.

હવે ભોજનનો સમય થતાં ભિખારીને જમવા બેસાડ્યો અને એક એકથી ચડે તેવી અનેક વાનીઓ પીરસી. આવી વાનીઓ જોવાનો પ્રસંગ તેની જિંદગીમાં આ પહેલો જ હતો એટલે તેણે એ સર્વ અકરાંતિયા થઇને ખાધી. પરિણામે જમ્યા પછી તરત જ મોટી ઉલટી થઈ અને જેમ ચાતક પક્ષીએ ગ્રહણ કરેલું સરોવરનું પાણી ગળાના રંધ્રદ્વારા બહાર નીકળી જાય છે, તેમ ખાધેલું સર્વ બહાર નીકળી ગયું. સાયંકાળે રાજાએ તેને ફરીથી સારું સારું ખવડાવ્યું અને તાંબૂલ વગેરે આપીને સત્કાર કર્યો. ત્યારે તેનું પેટ દુખવા આવ્યું અને તે બરાડા પાડવા લાગ્યો. આથી રાજાએ તેનો તાત્કાલિક ઉપચાર કરાવ્યો અને પેટનો દુખાવો બંધ કરી દીધો. પણ ખાવાનું

ભાન ન હોય ત્યાં વ્યાધિ કેડો કેમ મૂકે ? એટલે બીજા દિવસે ઝાડા શરૂ થયા. રાજાએ તેનો પણ ઉપચાર કરાવ્યો અને જેમ તેમ કરીને ઝાડા બંધ કરાવ્યા. પણ 'ભૂત મરે અને પલિત જાગે' તેમ ઝાડા બંધ થતાં તેને તાવ લાગુ પડ્યો અને તેથી મસ્તક તથા કમ્મરની અસહ્ય વેદના અનુભવવા લાગ્યો. રાજાએ તેનો પણ ઉપચાર કરાવ્યો અને મહામહેનતે સાજો કર્યો. '**ઉદ્યમ વડે શું નથી થતું ?**'

હવે શરીરે કંઈક ઠીક થયેલો તે ભિખારી એક દિવસ વૈદ્યને ઘેર ગયો. ત્યાં દવાની મેળવણીથી સુગંધી બનેલી એક વસ્તુ તેના જોવામાં આવી એટલે ઉપાડીને તરત જ સૂંઘી. તે જોઈને વૈદ્ય બોલી ઉઠ્યો કે 'તેં આ શું કર્યું ? આ તો તીવ્ર વિપાકથી ગૌરવતાને પામેલું ભયંકર વિષ છે અને સુંઘવા માત્રથી પ્રાણીના સર્વ સુખનો નાશ કરે છે, માટે તારે બચવું હોય તો આજથી રસ વિનાનું લૂખુંસૂકું ભોજન કરવું, સામાન્ય પાણી પીવું, જીર્ણ અને ફાટેલાં વસ્ત્રો પહેરવાં, ભોગનો ત્યાગ કરવો, પરીષહ સહન કરવા અને અનિયમિત વસવું. જો તું આ જાતની મર્યાદામાં રહીશ તો જીવતો રહીશ, અન્યથા મરણ પામીશ. જીવોના પરિણામની જેમ ઔષધોના પરિણામો પણ ઘણા વિચિત્ર હોય છે.'

જીવિતવ્યની આશાવાળા એ ભિખારીએ વૈદ્યની સલાહ કબૂલ રાખી અને તે પ્રમાણે વર્તવા લાગ્યો. આ જોઈને રાજાએ કહ્યું કે યતિના આચાર જેવો આ દુષ્કર આચાર તું પાળી રહ્યો છે તો દીક્ષા જ લઈ લે કે જેથી તારો આ ભવ

ને પરભવ સુધરે. પણ ભાગ્યહીનને એવો વિચાર શેનો રુચે? કોઇ કવિએ ઠીક જ કહ્યું છે કે—

ભાગ્યહીનને ના મળે, ભલી વસ્તુનો ભોગ;
ખાતાં પાકી દ્રાક્ષને, હોત કાગ-મુખ રોગ.

એ રીતે એ ભિખારી બધો વખત દુઃખ ભોગવતો જ રહ્યો, તેથી રાજાને ખાતરી થઇ કે ' सर्वत्र दुःखिनां दुःखं ' ' દુઃખીઓને સર્વત્ર દુઃખ હોય છે. '

હવે ચોથા પાદની પરીક્ષા કરવા માટે રાજા પોતે જ તત્પર થયો, કારણ કે પાત્ર-પરીક્ષાને માટે હરવખત બીજા સુખી માણસોને કષ્ટ આપવું તે યોગ્ય નહિ. પછી બીજા દિવસે રાજ્યનો ભાર મંત્રીને સોંપી, રાત્રિને સમયે, નગર બહાર નીકળી ગયો અને દેશમાં પોતાને બધા ઓળખશે એ વિચારથી પરદેશ ભણી પ્રયાણ કર્યું.

રસ્તામાં થાક લાગતાં એક વિશાળ વડની છાયામાં બેસીને તે આરામ કરવા લાગ્યો. ત્યારે તે વૃક્ષ પર રહેનાર યક્ષને તેની સ્ત્રી યક્ષિણીએ કહ્યું કે ' હે પ્રિય! આપણા આશ્રયની નીચે બેઠેલો આ અભ્યાગત કોઈ મહાન્ પુરુષ જણાય છે, તેથી તમારે માનવ-પૂજવા યોગ્ય છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે—

" गेहागयाणमुचिअं वसणविकिआण तह समुद्धरणं ।
दुहिआण दया एसो, सव्वेसिं सम्मओ धम्मो ॥ "

" પોતાને ઘેર ચાલીને આવેલા સત્પુરુષનું યોગ્ય સન્માન કરવું જોઇએ, તે દુઃખમાં આવી પડેલ હોય તો તેમાંથી

તેમનો સારી રીતે ઉદ્ધાર કરવો જોઇએ અને દુઃખી પ્રાણીઓ પર દયા કરવી જોઇએ. આ પ્રમાણેનો ધર્મ સર્વ મતવાળાઓને સંમત છે.” આ સાંભળીને યક્ષે પ્રત્યક્ષ થઇને રાજાને કહ્યું કે–“હે સજ્જન! તારે શું જોઈએ? તું જે માગે તે આપવાને હું સમર્થ છું.” એટલે વિસ્મયચકિત થયેલો રાજા બોલ્યો કે–“તમે કોણ છો? અને કયા પ્રકારે ઇષ્ટ વસ્તુ આપવાને સમર્થ છો? મનુષ્યોને તો અનેક પ્રકારના મનોરથો હોય છે, તે વાત સુપ્રસિદ્ધ છે.” ત્યારે યક્ષે કહ્યું કે–“હું મોટો દેવ છું, તેથી તારા મનોવાંછિત પૂર્ણ કરવાને સમર્થ છું, માટે તારી જે ઇચ્છા હોય તે માગ.” ત્યારે ચતુર રાજાએ કહ્યું કે–“જો તમારી ઇચ્છા એમ જ હોય તો હું જ્યારે તમારું સ્મરણ કરું ત્યારે હાજર થજો અને મારું કાર્ય સિદ્ધ કરજો.” તે યક્ષે તેનું વચન અંગીકાર કર્યું.

આ જોઇને રાજા મનમાં વિચાર કરવા લાગ્યો કે “અહીં પણ હું અધિક સુખી થયો છતાં શ્લોકના ચોથા ચરણની પૂરી પરીક્ષા કરવી.” એટલે તેણે મનમાં સ્મરણ કરીને કહ્યું કે “હે દેવ! મને પરદેશમાં મૂકી દો.” અને યક્ષે તેને તરત જ પરદેશમાં કુશસ્થલ નામના નગરની સમીપે એક બગીચામાં મૂકી દીધો. અહીં યક્ષની સહાયથી તેણે પોતાનું મૂળ રૂપ બદલીને એક કોઢિયાનું રૂપ ધારણ કર્યું અને હવે શું બને છે તેની રાહ જોવા લાગ્યો.

આ કુશસ્થલ નગરમાં **ચંદ્ર** નામનો રાજા રાજ્ય કરતો

હતો, જેને ચંદ્ર જેવા મુખવાળી **પ્રિયવચના** અને **પ્રિયવદના** નામની બે રાણીઓ હતી. તેમાં પહેલી રાણી ગુણ વડે અધિક હતી અને બીજી રૂપ વડે અધિક હતી. આ બંને રાણીઓને એક એક પુત્રી હતી, જેમાં પહેલીનું નામ **સુલોચના** હતું અને બીજીનું નામ **સુવદના** હતું. તે બંને પુત્રીઓ સરખી ઉંમરવાળી, સુંદર અને સમાન રૂપવાળી તથા ગુણો વડે દેવ-કન્યાઓ જેવી શોભતી હતી. યોગ્યવયે તે બંનેને રાજાએ ઘણી કળાઓ શીખવી હતી. હવે એક દિવસ યુવાવસ્થા પામેલી એ કન્યાઓને તેમની માતાઓએ સુંદર વસ્ત્રાભૂષણોથી શણગારીને રાજા પાસે મોકલી. એટલે રાજાએ તેમને પોતાના ઉત્સંગમાં બેસાડીને વિવિધ પ્રશ્નો પૂછ્યા. તે દરેક પ્રશ્નનો ઉત્તર એ પુત્રીઓએ સંતોષકારક આપ્યો. પછી સભામાં બેઠેલા પંડિતો તેમની પરીક્ષા કરવા લાગ્યા. એક પંડિતે પૂછ્યું.

"चक्रधरोऽपि न चक्री भूरिघटीघट्टितोऽपि न तु दिवसः ।
नित्यभ्रमोऽपि न खगो वक्त्रविहीनोऽपि पटुरटनः ॥

सस्यसमृद्धिविधाता कर्षकहर्षप्रकर्षदाता च ।
पातालाज्जलकर्षी जलवर्षी चापि न तु जलदः ॥

नैकेन न च द्वाभ्यामपि तु त्रिभिरेव कार्यकृत् सततम् ।
मालाभृदपि न माली नीचोऽप्युच्चश्च ननु कोऽसौ ? ॥"

'ચક્રધર છે પણ ચક્રી નથી, ઘણી ઘડીઓથી યુક્ત છે પણ દિવસ નથી, નિત્ય ભ્રમણ કરે છે પણ પક્ષી નથી અને મુખ વિનાનો છે છતાં રટણ કરવામાં હોશિયાર છે, ધાન્યની

સમૃદ્ધિને ઉત્પન્ન કરનાર છે, ખેડૂતોને અત્યંત હર્ષ આપનાર છે, પાતાલમાંથી પાણીને ખેંચનાર છે અને જલની વર્ષા કરે છે પણ જલદ–મેઘ નથી. એકથી નહિ, બેથી નહિ પણ ત્રણથી જ તે હમેશા કાર્ય કરે છે અને માલાવાળો હોવા છતાં તે માળી નથી, તેમજ નીચો હોવા છતાં ઊંચો છે તે કોણ હશે ?'

પ્રથમ પુત્રીએ તરત જ જવાબ આપ્યોઃ 'अरघट्ट' 'પાણીનો રેંટ.'

બીજા પંડિતે પૂછ્યુંઃ

"स्वषष्ठांशं त्र्यंशं धुरि निजत्रिकांशेन सहितं,
चतुर्थांशं तुर्यांशकयुतनवांशं परपदे ।
तृतीयांशेनाढ्यं द्व्यधिकदशमांशं त्र्यदितरां–
श्चतुस्तीर्थ्या शेषास्त्रय इह सुवर्णाः कति समे ? ॥"

'જેનો ત્રીજો ભાગ પોતાના છઠ્ઠા ભાગ સાથે, જેનો ચોથો ભાગ પોતાના ત્રીજા ભાગ સાથે, જેનો નવમો ભાગ પોતાના ચોથા ભાગ સાથે અને જેનો બારમો ભાગ પોતાના ત્રીજા ભાગ સાથે બાદ કરીએ તો ત્રણ વધે છે, તો એ સંખ્યા કઈ હશે ?'

બીજી પુત્રીએ તરત જ જવાબ આપ્યો 'अष्टोत्तरशतं' 'એકસો ને આઠ' એકસો ને આઠનો ત્રીજો ભાગ ૩૬ અને તેનો છઠ્ઠો ભાગ ૬, એટલે કુલ ૪૨. એકસો ને આઠનો ચોથો ભાગ ૨૭ અને તેનો ત્રીજો ભાગ ૯, એટલે કુલ ૩૬. એકસો ને આઠનો નવમો ભાગ ૧૨ અને તેનો ચોથો ભાગ ૩, એટલે કુલ ૧૫, એકસો ને આઠનો બારમો ભાગ ૯ અને તેનો ત્રીજો

ભાગ ૩, એટલે કુલ ૧૨. આ રીતે ૪૨+૩૬+૧૫+૧૨=૧૦૫. તે બાદ જતાં ૩ શેષ વધે.

આ રીતે વ્યાકરણ અને બીજા વિષયોમાં પણ પંડિતોએ ઘણા પ્રશ્નો પૂછ્યા. તે બધા પ્રશ્નોના ઉત્તર આ કન્યાઓએ બરાબર આપ્યા. પછી છેલ્લો પ્રશ્ન રાજાએ પૂછ્યો કે-"કર્મ (પ્રારબ્ધ) અને ઉપક્રમ (ઉદ્યમ) એ બેમાં મુખ્ય કોણ? પહેલું કે બીજું? કે તે બંને સમાન છે?"

ત્યારે પહેલી કન્યા બોલી કે 'ઉપક્રમ જ ફલસાધનનું કારણ છે. ઉપક્રમ વિનાનું કર્મ (પ્રારબ્ધ) નિષ્ફળ છે. ભોજન, વસ્ત્ર, ધનોપાર્જન, અન્યનું વશીકરણ, શત્રુનો નાશ, વિદ્યાની પ્રાપ્તિ અને રાજ્યનો લાભ આદિ સર્વ કર્મ ઉપક્રમથી જ સિદ્ધ થાય છે. કહ્યું છે કે—

" उद्यमेन हि सिध्यन्ति, कार्याणि न मनोरथैः ।
नहि सुप्तस्य सिंहस्य, मुखे प्रविशन्ति मृगाः ॥ "

"ઉદ્યમ વડે જ સર્વ કાર્યો સિદ્ધ થાય છે, પણ મનોરથો વડે સિદ્ધ થતાં નથી. સિંહ પરાક્રમી હોવા છતાં તે સૂઈ રહ્યો હોય તો એના મુખમાં મૃગો પોતાની મેળે પ્રવેશ પામતા નથી."

" उद्यमः खलु कर्त्तव्यो, मार्जारस्य निदर्शनात् ।
जन्मप्रभृतिर्गौ नास्ति, दुग्धं पिबति नित्यशः ॥ "

"બિલાડાની પાસે ગાય કદી હોતી નથી છતાં ઉદ્યમથી તે હમેશાં દૂધ પીવે છે, માટે મનુષ્યોએ બિલાડાનું દૃષ્ટાંત ખ્યાલમાં રાખીને નિરંતર ઉદ્યમ કરવો."

તે સાંભળીને બીજી કુમારીએ કહ્યું કે–

" महत्युपायेऽपि कृते, विना भाग्यं फलं नहि ।
पीयूषरुचिपानेऽपि, राहोर्नैवाङ्गपल्लवाः ॥ "

" ઘણા ઉપાયો કર્યાં છતાં પણ ભાગ્ય વિના તેનું ફલ પ્રાપ્ત થતું નથી. જેમકે રાહુ અમૃતનું અત્યંત પાન કરવા છતાં પલ્લવિત અંગવાળો થયો નહિ. "

વળી–

" कम्मं विणा उवक्कमकरणं न भवे उवक्कमीणं पि ।
कम्माणुसारिणी खलु बुद्धी बुद्धेहिं निद्दिट्ठा ॥ "

" જ્ઞાની પુરુષોએ કહ્યું છે કે–' બુદ્ધિ કર્મને અનુસરનારી છે, એટલે કર્મ ન હોય તો ઉદ્યમીથી ઉદ્યમ કરવાનું પણ બનતું નથી.' માટે ત્રણ જગત્‌ના સર્વ જીવો જેને આધીન છે એવું કર્મ જ પ્રધાન છે. "

આ સાંભળીને પ્રત્યુત્તર આપવામાં અસમર્થ પરંતુ છળ-કપટ કરવામાં ચતુર એવી મોટી બહેન બોલી કે–" જો સર્વ કર્મનો જ પ્રતાપ છે તો તું જવાબ આપ કે કોના પ્રતાપથી તું સુખી છે? અથવા આ બધા લોકો કોની કૃપાથી સુખિયા છે?"

નાની બહેન નિર્ભય હતી. તેણે કહ્યું કે " અંતઃકરણમાં કૂડકપટ રાખીને કેવળ મોઢે મીઠું બોલવાથી શું? સર્વને પોતપોતાના કર્મના પ્રભાવથી જ સુખ દુઃખ પ્રાપ્ત થાય છે. જીવોને પુણ્યનો ઉદય પ્રાપ્ત થાય ત્યારે રાજા તેમના પર

પ્રસન્ન થાય છે અને સર્વ ઇષ્ટ વસ્તુ આપે છે. તથા પાપનો ઉદય થાય ત્યારે યમરાજાની જેમ કોપ કરીને બધું હરણ કરી લે છે."

નાની પુત્રીનો આ જવાબ સાંભળીને રાજા ક્રોધાયમાન થયો અને બોલી ઉઠ્યો કે "હે દુષ્ટે! હે દુઃપંડિતે! તું તારા કર્મનું ફળ તથા તારા વચનનું ફળ તરત જ જો." એમ કહીને તેણે સેવકોને હુકમ કર્યો કે–"નગરમાં ચોતરફ શોધ કરીને કોઇ મહાદરિદ્રી, કોઢિયો, ભિખારી હોય તેને અહીં બોલાવી લાવો." એટલે સેવકો છૂટ્યા અને તેવા માણસની શોધ કરવા લાગ્યા. ત્યાં ઉદ્યાનમાં કોઢિયો બનીને બેઠેલો પૃથ્વીપાલ રાજા તેમના જોવામાં આવ્યો. એટલે તે સેવકો તેને ખૂબ સમજાવીને રાજાની પાસે લઇ ગયા. તેને બતાવીને રાજાએ નાની પુત્રીને કહ્યું કે–"જો તું કર્મને જ માને છે, તો તારા કર્મે આપેલા આ કોઢિયાને વર, તેથી તું કેવી કૃતાર્થ થાય છે, તે અમે જોઇશું." આ વચનો સાંભળીને સર્વ સભાજનો હાહાકાર કરવા લાગ્યા અને પેલો કોઢિયો પણ સજ્જનપણાને લઇને તે કન્યાને પરણવાની ના પાડવા લાગ્યો. પણ કર્મને જ પ્રધાન માનનારી તે કન્યાએ પરમ શ્રદ્ધાથી તે કોઢિયાના હાથ વિધિસર ગ્રહણ કર્યા અને તેની સાથે લગ્નથી જોડાઈ ગઈ. પછી તે કોઢિયા વરને રાજાએ કહ્યું કે–"આ કન્યાને તું અહીંથી લઈ જા અને તેની પાસે દાસીની જેમ કામ કરાવજે." અને કન્યા તરફ જોઇને કહ્યું: "તું આ વરની સાથે જીવિત પર્યંત રહેજે અને ઉત્તમ સુખ પામજે." તે સાંભળીને સાહસિક કન્યાએ 'બહુ સારું' એવો ટૂંકો જ

જવાબ આપ્યો અને પતિની સાથે વિદાય થઇ. રાજાના તાપથી કોઇ દાસી તેની સાથે ગઈ નહિ કે કોઇ તેને બોલાવી પણ શક્યું નહિ. વળી મુખ તેટલી વાતો થવા લાગી.

ગામ બહારના ઉદ્યાનમાં પહોંચીને સુવદના પતિની પ્રેમથી સેવા કરવા લાગી અને જ્યારે અંધકાર અવની પર ઉતરી પડ્યો ત્યારે ઘાસની સુંદર પથારી કરી આપી. પછી તેમાં સૂઈ રહેલા પૃથ્વીપાલ રાજાએ તેની પરીક્ષા કરવાને કહ્યું કે– “હે ભદ્રે ! તું જાણી જોઇને દુઃખના દરિયામાં કેમ પડી ? પ્રથમ તો તેં ભોળીએ ખોટું કામ કર્યું, બીજું મેં પણ ખોટું કામ કર્યું અને ત્રીજું તારા પિતાએ સહુથી વધારે ખોટું કામ કર્યું. છોરુ કછોરુ થાય પણ માવતર કુમાવતર ન થાય. પણ હે સુંદરી ! હજી કંઇ બગડી ગયું નથી. તારે જ્યાં જવું હોય ત્યાં સુખેથી જા અને કોઈ ઉત્તમ વરને પસંદ કરીને સુખી થા. લક્ષ્મીને તથા મૃગાક્ષીઓને સર્વ સ્થાને પોતાની મેળે જ માન મળે છે. અત્યંત નિંદવા યોગ્ય એવો હું મારો પોતાનો પણ પેટગુજારો કરવાને સમર્થ નથી, તો તારો નિર્વાહ મારાથી શી રીતે થશે ?”

પતિનાં આવાં વચનો સાંભળીને સુવદનાએ કાને હાથ દીધા અને બોલી કે–“નાથ ! તમે આ શું બોલો છો ? આ જન્મમાં તો મારે તમારા ચરણ જ શરણરૂપ છે, કારણ કે સ્ત્રીઓને પોતાના કર્મે આપેલો પતિ જ દેવ તુલ્ય છે.”

સુવદનાના આવા પ્રત્યુત્તરથી ખુશ થયેલા રાજાએ કહ્યું કે “હે ભદ્રે ! આ રીતે આપણું ગાડું શી રીતે ગબડશે ?

માટે હું પણ હવે કોઈ પ્રકારે દિવ્ય શરીરવાળો અને નવયૌવનવાળો થાઉં તો જ યોગ્ય કહેવાય." એમ કહીને રાજાએ દેવની સહાયથી પોતાના રૂપનું પરિવર્તન કરી નાખ્યું અને દેવ જેવો દીપવા લાગ્યો. આ જોઈને સુવદના ચમત્કાર પામી અને બોલી ઊઠી કે "આ શું?" તેવામાં તેણે એક દિવ્ય ભવન જોયું અને તે ભવનમાં રત્નજડિત હિંડોળા પર બેઠેલા પોતાના પતિને જોયો. પછી આનંદમાં શું મણા રહે? તે વખતે પૃથ્વીપાલ રાજાએ સુવદનાને ઉદ્દેશીને કહ્યું કે–"હે પ્રિયે! તું આડાઅવળા કોઈ વિચાર કરીશ નહિ. મારા પર દેવ પ્રસન્ન થયેલા છે. હું પૃથ્વીપાલ નામનો પૃથ્વીપુરનો રાજા છું અને તારા શુભ કર્મો વડે આકર્ષાઈને જ અહીં આવેલ છું." પછી તેણે પોતાની બધી હકીકત કહી સંભળાવી અને છેવટે જણાવ્યું કે "તારો પિતા મહાઅજ્ઞાની અને મિથ્યાભિમાની છે પણ તેનું ફળ તે પ્રાતઃકાળમાં જ જોશે."

અહીં ચંદ્ર રાજાએ પોતાના કોપનું કટુ ફળ દેખાડ્યા પછી પોતાના પ્રસાદનું મધુર ફળ દેખાડવા માટે પોતાની મોટી પુત્રીને તે જ રાત્રિએ મોટી ધામધુમથી દેવસમાન રૂપવાળા એક રાજકુમાર સાથે વિવાહિત કરી, પરંતુ લગ્નવિધિ પૂરો થયા બાદ વરવધુ જ્યાં ચાલવા લાગ્યા કે એક ઝેરી સાપે વરરાજાને દંશ દીધો અને તે ત્યાં ને ત્યાં જ ઢળી પડ્યો. કહ્યું છે કે—

"अन्नह परिचिंतिज्जइ कज्जं परिणमइ अन्नहा चेव ।
विहिवसयाण जियाणं मुहुत्तमित्तंपि बहुविग्घं ॥"

"કામ કરવા ધાર્યું હોય છે કંઈ અને તેનું પરિણામ આવે છે પણ કંઈ! કર્મવશાત્ જીવોને મુહૂર્ત્તમાત્રમાં ઘણાં વિઘ્નો નડે છે."

આ રીતે રંગમાં ભંગ પડતાં સહુ અતિ શોકાતુર બની ગયા. સુલોચના હૈયાફાટ રુદન કરવા લાગી અને ચંદ્ર રાજા પોતાનું કપાળ કૂટવા લાગ્યો. પછી વરરાજાના શબનો યોગ્ય અંતિમ વિધિ કરીને સહુ પોતપોતાના ઠેકાણે ગયા.

પ્રાતઃકાળમાં રાજાએ 'નાની પુત્રીના શું હાલ છે?' તે જોવા પોતાના ખાસ માણસો દ્વારા ખબર કઢાવી તો તેમણે બરાબર તપાસ કરીને જણાવ્યું કે—"નગર બહાર એક ભવ્ય મહેલમાં તે પતિની સાથે દિવ્ય સુખ ભોગવી રહી છે." તે સાંભળીને રાજા આશ્ચર્ય અને લજ્જાથી મૂઢ થઈ ગયો. પછી તેણે પોતાનું મિથ્યા અભિમાન બાજુએ મૂકીને કર્મની મહત્તાનો સ્વીકાર કર્યો અને નાની પુત્રીનું સ્વાગત કર્યું તથા તેનો ધામધૂમથી વિવાહોત્સવ કરીને જમાઇને ભારે પહેરામણી કરી.

કેટલાક દિવસ પછી પૃથ્વીપાલ રાજા સાસુ–સસરાની રજા લઈને પોતાની નવપરિણીતા સાથે પોતાના વતનમાં પાછો ફર્યો અને શ્લોકમાં કહેલી ચારે વસ્તુઓ સાચી જણાતાં શ્રુતજ્ઞાનનો—શાસ્ત્રોનો અત્યંત આદર કરવા લાગ્યો. એમ કરતાં તેની બુદ્ધિ ધર્મ પ્રત્યે અનુરાગવાળી થઈ, ધર્મની પરીક્ષા કરતી થઇ અને તેમાં '**આર્હત ધર્મ સહુથી શ્રેષ્ઠ છે**' એવી પ્રતીતિ થતાં તેનો સહર્ષ સ્વીકાર કર્યો. પછી જેમ જેમ તેની ધર્મભાવના વધવા લાગી તેમ તેમ તે શ્રુતજ્ઞાન પ્રત્યે બહુમાનવાળો થયો.

અને તેનું શ્રવણ તથા પઠન કરવામાં જ અપૂર્વ આનંદ માણવા લાગ્યો. વળી તેણે બહુશ્રુત એવા સાધુઓનો સંપર્ક સાધીને, તેમની ભક્તિ કરીને, તેમનો આશ્રય લઇને સર્વજ્ઞપ્રણીત શાસ્ત્રો લખાવ્યાં તથા જ્ઞાનનું એક ભવ્ય ઉદ્યાપન કર્યું. અને એ રીતે શ્રુતજ્ઞાનનું સુંદર આરાધન કરીને-જ્ઞાનની અનન્ય ઉપાસના કરીને દુઃસાધ્ય એવા જ્ઞાનાવરણીય કર્મના ક્ષયને સાધ્યો તથા શ્રુતના અર્થની અત્યંત ભાવના કરતાં ક્ષપકશ્રેણિ પર આરૂઢ થઈને લોકાલોકને પ્રકાશનારા એવા કેવળજ્ઞાનનો સ્વામી બન્યો. તે વખતે દેવોએ તેને મુનિનો વેશ આપ્યો. પછી તે પૃથ્વીપાલ રાજર્ષિએ ઘણા વર્ષો સુધી પૃથ્વી પર વિચરીને લોકોને ધર્મનો ઉપદેશ કર્યો અને શ્રુતજ્ઞાનની આરાધનાનું મહત્ત્વ સમજાવ્યું, જેથી લાખો નરનારીઓ શ્રુતજ્ઞાનનું ભાવપૂર્વક આરાધન કરવા લાગ્યા.

આ રીતે પૃથ્વીપાલ રાજા શ્રુતજ્ઞાનની આરાધનાથી જીવનની બાજી જીતી ગયો.

જેઓ શ્રુતનું યોગ્ય આરાધન કરવાને બદલે તેની આશાતના કે ઉપેક્ષા કરે છે, તેના કેવા હાલહવાલ થાય છે, તેનો ખ્યાલ વરદત્ત અને ગુણમંજરીની કથા પરથી આવી શકશે.

## ૧૩. વરદત્ત અને ગુણમંજરીની કથા

**પદ્મપુર** નગરમાં **અજિતસેન** નામનો પ્રજાપ્રેમી રાજા રાજ્ય કરતો હતો. તેને રૂપ-લાવણ્યથી યુક્ત **પદ્માવતી** નામની રાણી હતી. આ રાણીથી તેને **વરદત્ત** નામે એક પુત્ર થયો. હવે લાડકોડમાં ઉછરતો તે પુત્ર જ્યારે આઠ વર્ષનો થયો ત્યારે તેને એક પ્રૌઢ પંડિત પાસે ભણવા મૂક્યો. આ પંડિત તેને

પ્રેમ અને પરિશ્રમપૂર્વક ભણાવવા લાગ્યો, પરંતુ તેને એક પણ અક્ષર આવડ્યો નહિ.

પંડિત યત્ન કર્યો ઘણો, છાત્ર ભણાવન હેત;
અક્ષર એક ન આવડ્યો, ગ્રંથતણી શી ચેત ?

આ કુમાર અનુક્રમે યુવાન થયો ત્યારે પૂર્વકર્મના ઉદયથી તેના આખા શરીરે કોઢ નીકળ્યો અને તેના શરીરનું સમસ્ત રૂપ બગડી ગયું. રાજાએ અનેક કુશલ વૈદ્યો પાસે તેનો ઉપચાર કરાવ્યો, પરંતુ તેથી કંઈ પણ ફાયદો થયો નહિ. ઊલટું વ્યાધિનું જોર દિનપ્રતિદિન વધતું ગયું અને તે ખૂબ પીડાવા લાગ્યો. કર્મને કોઇની શરમ નથી તે વાત તદ્દન સાચી છે.

તે જ નગરમાં સાત ક્રોડ સોનામહોરોનો માલિક અને આર્હત ધર્મનો ઉપાસક **સિંહદાસ** નામે એક શેઠ રહેતો હતો, જેને **કર્પૂરતિલકા** નામની શીલ–ગુણસંપન્ન પત્ની હતી. એ પત્નીથી તેને **ગુણમંજરી** નામે એક પુત્રી થઇ, જે જન્મથી જ રોગિષ્ટ અને મૂંગી હતી. આ પુત્રીને સારી કરવા શેઠ શેઠાણીએ પૈસાનો પાણીની જેમ વ્યય કર્યો પણ તે સારી ન જ થઇ. અનુક્રમે તે યૌવન અવસ્થાને પામી પણ રોગી અને મૂંગી કન્યાને કોણ પરણે ? એટલે માતપિતાને ઘણી ચિંતા થવા લાગી.

સોળ વરસની તે થઇ, પામી યૌવન વેશ:
દુર્ભગ પણ પરણે નહિ, માતપિતાને કલેશ.

એવામાં મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ એ ચાર જ્ઞાનના ધારક **શ્રી વિજયસેનસૂરિ** નામે ગુરુમહારાજ બીજા

અનેક શ્રમણો સાથે ત્યાં પધાર્યા અને ઉદ્યાનમાં સ્થિર થયા. વનપાળે આ વાતની રાજાને વધામણી આપી એટલે રાજાએ તેને ખુશ કર્યો અને તે પોતાના પુત્ર વરદત્ત સાથે ગુરુમહારાજને વંદન કરવા માટે મોટી ધામધૂમથી ઉદ્યાનમાં આવ્યો. સિંહદાસ શેઠ પણ પોતાની પુત્રી ગુણમંજરીને લઈને આ ઉદ્યાનમાં આવ્યો અને બીજા પણ ઘણા નગરજનો પોતપોતાના પરિવાર સાથે આ ઉદ્યાનમાં આવ્યા.

પછી ગુરુ મહારાજને વંદના કરી, ત્રણ પ્રદક્ષિણા દઈને સહુ દેશના સાંભળવા માટે પોતપોતાના સ્થાને બેઠા.

ગુરુએ તેમને મધુર સ્વરે દેશના આપી. તેમાં જણાવ્યું કે–

જ્ઞાન વિરાધન પરભવે, મૂરખ પર આધીન;
રોગે પીડા ટળવળે, દીસે દુઃખિયા દીન. ૧.
જ્ઞાન સાર સંસારમાં, જ્ઞાન પરમ સુખ હેત;
જ્ઞાન વિના જગ જીવડા, નવ લહે તત્ત્વ સંકેત. ૨.

“ જે પ્રાણીઓએ ગયા ભવમાં જ્ઞાનની વિરાધના કરી હોય છે તે મૂર્ખ અને પરાધીન બને છે, રોગ અને પીડાથી ટળવળે છે તથા દીન–દુઃખી દેખાય છે. આ સંસારમાં જ્ઞાન ઉત્તમ છે, તે પરમ સુખનો હેતુ છે અને તેના વિના અનાદિ કાલથી સંસારમાં પરિભ્રમણ કરતો કોઈપણ જીવ તત્ત્વસંકેત–તત્ત્વબોધ પામતો નથી. ”

આ દેશના સાંભળીને સિંહદાસ શેઠે કહ્યું કે “ ભગવંત ! મારી પુત્રી ગુણમંજરી કયા કર્મને લીધે મૂંગી થઈ છે તે જણાવવાની કૃપા કરો. ”

ગુરુમહારાજે પોતાના જ્ઞાનના પ્રભાવથી ઉપયોગ મૂકીને જણાવ્યું કે "હે ભાગ્યવંત! આ સંસારમાં સર્વ પ્રાણીઓ પોતપોતાના કર્મો અનુસાર સુખદુ:ખ પામે છે, માટે આ ગુણ-મંજરીનો પૂર્વભવ કહું તે સાંભળ.

ધાતકી ખંડના મધ્ય ભાગમાં **ખેટક** નામે એક નગર હતું. ત્યાં **જિનદેવ** નામનો એક ધર્મપરાયણ શેઠ હતો, જેને **સુંદરી** નામની સ્ત્રી હતી. સંસારસુખ ભોગવતાં અનુક્રમે તેમને પાંચ પુત્રો થયા અને ચાર પુત્રીઓ થઈ. હવે એ પુત્ર-પુત્રીઓને ભણાવવા માટે પાઠશાળાએ મોકલ્યા, પણ ત્યાં તેઓ કંઇ પણ ન ભણતા; બધો વખત તોફાન-મસ્તી જ કર્યા કરતાં અને પંડ્યાજી જ્યારે ઠપકો આપતાં ત્યારે સામું બોલતા.

એક વાર આ છોકરા-છોકરીઓએ પોતાના નિત્ય નિયમ મુજબ ભણવામાં ધ્યાન ન આપતાં તોફાન કર્યું એટલે પંડ્યાએ કાન આંબળ્યા અને બે-ચાર થપ્પડો મારી, તેથી એ છોકરા-છોકરીઓ રડતાં રડતાં ઘેર આવ્યા અને મા આગળ ફરિયાદ કરી કે-'પંડ્યો અમને નાહક મારે છે, માટે હવેથી અમે પાઠશાળાએ નહિ જઇએ.'

સુંદરીએ તેમનું ઉપરાણું લીધું અને કહ્યું કે-'એ પંડ્યો પીટ્યો એવો જ છે. ભણાવતો-કરતો કંઈ નથી અને છોકરાં-ઓને નાહકના પીટે છે; માટે હવેથી એની પાઠશાળામાં જશો નહિ.'

'છોકરાંઓ ત્રણ ચાર દિવસ પાઠશાળાએ ન ગયા એટલે પંડ્યાજી તપાસ કરવા આવ્યા, ત્યારે સુંદરીએ કહ્યું કે-

'પંડ્યાજી! અમારાં છોકરાં કંઈ ઢોર નથી કે તેમના કાન આંબળો છો અને તેમને સોટીઓ મારો છો! અમારે તમારું ભણતર જોઇતું નથી! અમારાં છોકરાંઓ ભલે અભણ રહે.'

એ સાંભળીને પંડ્યાજીએ કહ્યું કે 'બાઈ! આ છોકરાં ભણવામાં જરાયે ધ્યાન આપતાં નથી અને આખો દિવસ તોફાન-મસ્તી કર્યાં કરે છે, તેથી તેમના હિતની ખાતર કોઇ વાર કાન આંબળવો પડે છે કે સોટીનો ઉપયોગ પણ કરવો પડે છે! સોટીના ચમકાર વિના વિદ્યાનો ધમકાર થતો નથી, તે તમે બરાબર જાણતા હશો.'

સુંદરીએ કહ્યું: 'પંડ્યાજી! એ વાત બીજાને સમજાવજો. અમારાં છોકરાં કંઈ વધારાનાં નથી કે આ રીતે તમારો માર ખાવાને પાઠશાળામાં મોકલીએ. અને એ નહિ ભણે તો શું બગડી જવાનું છે? ઘરમાં પૈસોટકો ઘણોય છે અને ન હોય તો પણ કોઇએ કોઈના કર્મ થોડાં જ વેચી ખાધા છે?'

પંડ્યાએ કહ્યું: 'બાઇ! તમારા આ શબ્દો સાંભળીને મને અત્યંત દુઃખ થાય છે. થોડી મારઝૂડને તમે આટલું બધું મહત્ત્વ આપી તેમને વિદ્યાવિહીન રાખવાને તત્પર થાઓ છો તે ઠીક કરતા નથી. વળી ધન તો આજે છે ને કાલે નથી તથા ઢાંકયા કર્મની કોઇને ખબર નથી, માટે ભણાવવાના અવસરે છોકરાંઓને બરાબર ભણાવો, અન્યથા પસ્તાવાનો વખત આવશે.'

સુંદરીએ કહ્યું: 'અમારે તમારી શિખામણની કંઈ જરૂર

નથી, માટે તમારી પાઠશાળાએ પધારો ને ફરી અહીં આવવાની તસ્દી લેશો નહિ.'

પંડ્યાજી પાછા ફર્યા. તે વખતે છોકરાંઓ પ્રણામ કરવાને બદલે લક્કડની જેમ અક્કડ ઊભા રહ્યા અને પોતાના વિદ્યાગુરુના ચાળા પાડવા લાગ્યા, છતાં સુંદરીએ તેમને વાર્યાં નહિ.

પછી સુંદરીએ છોકરાંઓને ભણવા માટેનાં પાટી, લેખણ, ખડિયાં, પુસ્તક-પાનાં જે કંઇ સાધનો હતાં તેને બાળી મૂક્યાં.

પાટી ખડિયા લેખણ, બાળી કીધાં રાખ;
શઠને વિદ્યા નવિ રુચે, જ્યમ કરહાને દ્રાખ.

છોકરાઓ અનુક્રમે મોટા થયા પણ તેઓ અભણ હોવાથી કોઈએ તેમને કન્યા આપી નહિ, તેમજ કન્યાઓ પણ અભણ હોવાથી કોઈ તેમનો હાથ પકડવાને તૈયાર થયું નહિ. ત્યારે શેઠે ચીડાઈને સુંદરીને કહ્યું કે–' હે પાપિણી ! તેં આ પુત્રોને અભણ રાખ્યા, તેનું પરિણામ જો. કોઈ તેમને કન્યા આપતું નથી.' એટલે સુંદરીએ સામો જવાબ આપતાં કહ્યું કે–' બાપ તેવા બેટા. એમાં મારો વાંક શું છે ?'

આ જાતના ઉદ્ધત જવાબથી શેઠને ક્રોધ આવ્યો એટલે તેણે કહ્યું કે–

' રે રે પાપિણી ! સાપિણી ! સામા બોલ ન બોલ !'

તેનો જવાબ સુંદરીએ તેવી જ ભાષામાં આપ્યો: ' તારો બાપ પાપી હશે, તારી મા પાપી હશે, મને પાપી શાને કહો છો ?'

એમ કરતાં વાત વધી પડી અને શેઠનો મિજાજ કાબૂમાં રહ્યો નહિ, એટલે તેમણે પાસે પડેલી પરાળ [ ખાયણી-ખાંડવાનું સાધન ] ઉપાડીને તેના માથામાં મારી કે તેના રામ રમી ગયા. હે શેઠ ! તે સુંદરી જ્ઞાનની વિરાધના કરવાથી તારે ત્યાં પુત્રીરૂપે ઉત્પન્ન થઈ છે. ખરેખર !

" विराधयन्ति ये ज्ञानं, मनसा ते भवान्तरे ।
स्युः शून्यमनसो मर्त्या, विवेकपरिवर्जिताः ॥ "

" જેઓ મન વડે જ્ઞાનની વિરાધના કરે છે, તેઓ ભવાંતરમાં શૂન્ય મનવાળા અને વિવેક રહિત થાય છે. "

" विराधयन्ति ये ज्ञानं, वचसापि हि दुर्धियः ।
मूकत्वमुखरोगित्व–दोषास्तेषामसंशयम् ॥ "

" જે દુષ્ટ બુદ્ધિવાળાઓ વચન વડે પણ જ્ઞાનની વિરાધના કરે છે તેઓને નક્કી મૂંગાપણું તથા મુખનું રોગીપણું વગેરે દોષો થાય છે. "

" विराधयन्ति ये ज्ञानं, कायेनायत्नवर्तिना ।
दुष्टकुष्टादिरोगाः स्युस्तेषां देहे विगर्हिते ॥ "

" જેઓ જયણા રહિત કાયા વડે જ્ઞાનની વિરાધના કરે છે, તેઓના નિંદનીય શરીરમાં કોઢ વગેરે દુષ્ટ રોગો થાય છે. "

" मनोवाक्काययोगैर्ये ज्ञानस्याशातनां सदा ।
कुर्वते मूढमतयः कारयंति परानपि ॥
तेषां परभवे पुत्र–कलत्रसुहृदां क्षयः ।
धनधान्यविनाशश्च तथाधिव्याधिसंभवः ॥ "

જે મૂઢ બુદ્ધિવાળાઓ મન, વચન અને કાયા વડે હંમેશાં જ્ઞાનની આશાતના કરે છે અને બીજાઓ પાસે જ્ઞાનની આશાતના કરાવે છે તેઓના પુત્ર, સ્ત્રી અને મિત્રોનો ક્ષય પરભવમાં થાય છે, ધન-ધાન્યનો વિનાશ થાય છે તથા આધિ અને વ્યાધિની ઉત્પત્તિ થાય છે."

ગુરુમહારાજનાં આ વચનો સાંભળીને ગુણમંજરીને જાતિ-સ્મરણ જ્ઞાન થયું અને તે મૂર્છા પામી. તેમાં તેણે ગુરુ-મહારાજે કહ્યા મુજબ જ પોતાનો પૂર્વભવ દીઠો. પછી જાગૃત થઈ ત્યારે તેણે ગુરુમહારાજને સંજ્ઞાથી કહ્યું કે-' આપનું કહેવું બરાબર છે.'

એ વખતે શેઠે બે હાથ જોડીને ગુરુમહારાજને વિનંતિ કરતાં કહ્યું કે-' હે કૃપાળુ ! આ પુત્રીનો રોગ દૂર થાય તેવો કોઈ ઉપાય બતાવો.'

ગુરુએ કહ્યું-' જ્ઞાનની આરાધના કરો તો તમારા મનો-વાંછિત પૂર્ણ થશે. તે માટે—

उज्ज्वल पंचमी सेवो, पंच वरस पंच मास।
'नमो नाणस्स' गणणुं गणो, चोविहार उपवास ॥ १ ॥
पूरव उत्तर सन्मुख, जपिये दोय हजार।
पुस्तक आगळ ढोईए, धान्य फलादि उदार ॥ २ ॥
दीवो पंच दीवटतणो, साथिओ मंगल गेह।
पोसहमां न करी शके, तेणे विधि पारणे एह ॥ ३ ॥

**अथवा सौभाग्यपंचमी, उज्ज्वल कार्तिक मास ।**
**जावज्जीव लगी सेवीए, उजमणा विधि खास ॥ ४ ॥**

'પાંચ વરસ અને પાંચ માસ સુધી અજવાળી પાંચમનું આરાધન કરો. તે દિવસે અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ એ ચાર પ્રકારના આહારના ત્યાગવાળો ઉપવાસ* કરો. ૧

'**नमो नाणस्स**' પદનો પૂર્વ કે ઉત્તર દિશામાં બેસીને બે હજાર જાપ કરો+ અને પુસ્તક એટલે શ્રુતજ્ઞાન આગળ ધાન્ય, ફલ વગેરેનું નૈવેદ્ય× મૂકો. ૨.

તથા પાંચ દીવેટનો દીવો કરો અને મંગલના નિકેતન સમાન સ્વસ્તિક‡ કરો. જેઓ પૌષધના કારણે આ વિધિ ન કરી શકે તે પારણા વખતે કરે. ૩.

અથવા કાર્તિક માસની અજવાળી પાંચમ જે **સૌભાગ્ય પંચમી**ના નામથી ઓળખાય છે તેનું જીવનભર ઉપરની રીતે જ આરાધન કરો અને તેનું ખાસ ઉદ્યાપન† કરો. ૪.

આ વિધિ સાંભળીને ગુણમંજરીએ તે વિધિ પ્રમાણે કરવાનું ગુરુમહારાજ પાસે ઉલ્લાસપૂર્વક સ્વીકાર્યું.

---

* જેનાથી ચોવિહારો ઉપવાસ ન બની શકે તે તિવિહારો ઉપવાસ કરે એવી પ્રચલિત સામાચારી છે.

+ બે હજાર જાપ કરવા માટે વીશ નોકારવાળી ગણવામાં આવે છે.

× અહીં પાંચ પ્રકારનાં ધાન્ય, પાંચ જાતનાં પકવાન તથા પાંચ જાતનાં ફળો મૂકવામાં આવે છે.

‡ અહીં ચોખાના ૫૧ સાથિયા કરવાની પ્રચલિત સામાચારી છે.

† આ ઉદ્યાપનની વિગત અન્ય ગ્રંથોમાંથી જાણવી.

હવે તે વખતે વંદન કરવા આવેલા અજિતસેન રાજાએ પણ પોતાના પુત્રને કોઢનો રોગ કેમ લાગુ પડ્યો ? તથા તે અક્ષર પણ કેમ ન ભણી શકયો ? તેનું ગુરુને કારણ પૂછયું. એટલે ગુરુએ તેનો પૂર્વભવ કહ્યો:

" આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં **શ્રીપુર** નામે નગર હતું. તે નગરમાં **વસુ** નામે એક શ્રીમંત શેઠ વસતો હતો. તેને **વસુસાર** અને **વસુદેવ** નામે બે પુત્રો હતા. એક વખત આ બંને પુત્રો રમતાં રમતાં વનમાં જઇ ચડ્યા, જ્યાં પુણ્યના યોગથી સાધુ મહાત્માનો મેળાપ થયો અને તેમના ઉપદેશથી વૈરાગ્ય ઉત્પન્ન થયો. એટલે તેમણે ઘેર આવી માતા-પિતાની સંમતિ લઈ ગુરુમહારાજ આગળ દીક્ષા ગ્રહણ કરી.

વનમાંહે રમતા દોય બાંધવ, પુણ્યયોગે ગુરુ મલ્યા;
વૈરાગ્ય પામી ભોગ વામી, ધર્મ પામી સંવર્યા.

તેમાં નાના ભાઇ વસુદેવે શાસ્ત્ર-સિદ્ધાંતનો સારી રીતે અભ્યાસ કર્યો અને ઇંદ્રિયદમનપૂર્વક આત્મસાધના કરી, અનુક્રમે આચાર્યનું પદ મેળવ્યું. પછી તેઓ સારણા, વારણા, ચોયણા અને પડિચોયણા કરતાં પાંચ સો મુનિઓને સંભાળવા લાગ્યા.

લઘુ બાંધવ રે, ગુણવંત ગુરુ પદવી લહે;
પણસય મુનિને રે, સારણ વારણ નિતુ દિએ.

હવે એક વખત વસુદેવસૂરિ પોરિસી ભણીને સંથારે પોઢ્યા અને ઊંઘવાની તૈયારી કરતા હતા ત્યારે એક સાધુએ આવીને વાચના માગી. એથી તેમની નિદ્રામાં ખલેલ પહોંચી અને તેઓ ખૂબ અકળાઈ ગયા. તેમણે સાધુને વાચના તો

આપી પણ પછી મનમાં વિચાર કરવા લાગ્યા કે 'હું બહુ ભણ્યો તો મારા માથે આ કાયમની કડાકૂટ આવી, જ્યારે મારા મોટા ભાઈ કાંઈ ભણ્યા નથી તો કોઈ તેમને પૂછવા જતું નથી તેથી તેઓ ભોજન અને શયન સુખપૂર્વક કરી શકે છે; માટે અભણ રહેવામાં જ સાર છે.'

આવો વિચાર કરીને તેમણે બીજા દિવસથી સાધુઓને વાચના આપવી બંધ કરી દીધી અને મનથી નિશ્ચય કર્યો કે–ભણેલું બધું ભૂલી જઈશ તથા નવું કંઇ પણ ભણીશ ભણાવીશ નહિ. આવો અશુભ નિશ્ચય કરવાથી તેમણે તીવ્ર જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યું અને બાર દિવસ સુધી મૌનપણું પાળીને ખોટી વિચારણાનું પ્રાયશ્ચિત્ત લીધા વિના જ મરણ પામ્યા. હે રાજન્! તે આચાર્ય મહારાજનો જીવ તારો વરદત્ત કુંવર થયો છે. તેણે પૂર્વ ભવમાં તીવ્ર જ્ઞાનાવરણીય કર્મ બાંધેલું હોવાથી તેને અક્ષર પણ આવડતો નથી અને કોઢિયો થયેલ છે."

ગુરુમહારાજના મુખથી પોતાનો આવો વૃત્તાંત સાંભળીને તે વરદત્ત કુમારને પણ જાતિસ્મરણ જ્ઞાન થયું અને તે મૂર્છાવશ થયો. તેમાં ગુરુમહારાજના કહ્યા મુજબ જ સઘળી બીના જોવામાં આવી. પછી મૂર્છામાંથી જાગૃત થઇ તેણે ગુરુમહારાજને કહ્યું કે–'હે ભગવંત! આપે કહેલ બીના સત્ય છે.'

પછી તેનો ઉપાય પૂછતાં ગુરુમહારાજે તેને પણ જ્ઞાનપંચમીનું આરાધન કરવા કહ્યું. આ વખતે બીજા પણ ઘણા લોકોએ જ્ઞાનનું માહાત્મ્ય સાંભળીને તેની આશાતના ન કરવાનો તથા યથાશક્તિ આરાધન-ઉપાસના કરવાનો નિર્ણય કર્યો.

ગુણમંજરી તથા વરદત્ત જ્ઞાનપંચમીનું નિયમિત આરાધન કરવા લાગ્યા, તેથી થોડા જ સમયમાં તે બંનેના રોગો નષ્ટ પામ્યા. ગુણમંજરી બોલતી થઇ અને જાણે જીભ પર સરસ્વતી બેઠી હોય તે રીતે વાતો કરવા લાગી. વરદત્ત ભણતો થયો અને થોડા વખતમાં અનેક વિષયોમાં પારંગત થયો. છેવટે આ બંને આત્માઓ ચારિત્રધારી બન્યા અને આ ભયાનક ભવસાગરમાંથી આત્માનો ઉદ્ધાર કરવામાં સફળ થયા. તાત્પર્ય કે–શ્રુતજ્ઞાનની આશાતના કદી પણ કરવી નહિ પરંતુ તેની યથાશક્તિ ઉપાસના કરવી, જેથી તત્ત્વનો વ્યવસ્થિત બોધ થાય અને તેના વડે રાગાદિ દોષો નષ્ટ થતાં મંગલમય મુક્તિની પ્રાપ્તિ થઈ શકે.

## ૧૪. જ્ઞાનાચારના આઠ પ્રકારો

શ્રુતનું સમ્યગ્ આરાધન કરવા માટે–જ્ઞાનની યથાર્થ ઉપાસના કરવા માટે જ્ઞાનાચારનું સ્વરૂપ જાણવું જોઇએ. તે માટે જૈન મહર્ષિઓએ કહ્યું છે કે—

“ काले विणये बहुमाणे, उवहाणे तह अनिण्हवणे ।
वंजण–अत्थ–तदुभये, अट्ठविहो नाणमायारो ॥ ”

“(૧) કાલ (૨) વિનય (૩) બહુમાન (૪) ઉપધાન (૫) અનિહ્નવતા (૬) વ્યંજનશુદ્ધિ (૭) અર્થશુદ્ધિ અને (૮) તદુભયશુદ્ધિ એ આઠ પ્રકારનો *જ્ઞાનાચાર છે.”

### (૧) કાલ

કાલ એટલે સમય કે વખત. તેનો બને તેટલો સદુપયોગ

* પ્રતિક્રમણમાં આ ગાથાવાળાં સૂત્રને અતિચારની આઠ ગાથા તરીકે ઓળખાવાય છે પણ વસ્તુતઃ જ્ઞાનના ‘આચાર’ની આ ગાથાઓ છે.

કરી લેવો, એ પ્રત્યેક મુમુક્ષુનું કર્તવ્ય છે. તેથી જ કહેવાયું છે કે '**समयं गोयम! मा पमायए**' 'હે ગૌતમ! તું સમય માત્ર પ્રમાદ કરીશ નહિ.' સમય એ કાલનો સૂક્ષ્માતિસૂક્ષ્મ વિભાગ છે અને મોક્ષમાર્ગને અનુકૂળ ન હોય તેવી કોઈ પણ પ્રવૃત્તિ કરવી એ પ્રમાદ છે, એટલે મોક્ષારાધન માટે સતત મથતા રહેવું અને તેનાં મુખ્ય સાધનો જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપમાં પૂર્ણ ઉત્સાહથી પ્રવૃત્તિ કરવી એ જ અપ્રમાદી બનવાનું રહસ્ય છે.

જ્ઞાનારાધનની પ્રવૃત્તિને સ્વાધ્યાય કહેવામાં આવે છે, જેના મુખ્ય પ્રકારો પાંચ છેઃ (૧) વાચના (૨) પૃચ્છના (૩) પરિવર્તના (૪) અનુપ્રેક્ષા અને (૫) ધર્મકથા. તેમાં સૂત્ર-સિદ્ધાંતના પાઠને યોગ્ય સમયે વિનયપૂર્વક ગ્રહણ કરવો તે **વાચના** કહેવાય છે, તેને લગતા પ્રશ્નો પૂછી જિજ્ઞાસાને તૃપ્ત કરવી એ **પૃચ્છના** કહેવાય છે, શિખેલા સૂત્ર અને અર્થની આવૃત્તિ કરવી તે પુનરાવર્તન કે **પરિવર્તના** કહેવાય છે, તેના પર મનન-નિદિધ્યાસન કરવું તે **અનુપ્રેક્ષા** કહેવાય છે અને એ રીતે પ્રાપ્ત કરેલા શ્રુતજ્ઞાનનું હિતબુદ્ધિથી અન્યને કથન કરવું તે **ધર્મકથા** કહેવાય છે.

સ્વાધ્યાય શબ્દનો અર્થ જ એ છે કે આત્માની ઉન્નતિ કરનારું અધ્યયન. સ્વ એટલે આત્મા, તેની ઉન્નતિ કરનારો અધ્યાય-(અધ્યયન) તે સ્વાધ્યાય. એટલે તેમાં ગણધરોએ અને ગીતાર્થોએ રચેલા શ્રુત સાહિત્યનો જ સમાવેશ થાય છે.

અનુભવ એમ બતાવે છે કે—આવા સાહિત્યનું વાચન,

મનન અને નિદિધ્યાસન કરવાથી આત્માના પરિણામ નિર્મળ થાય છે, તત્ત્વનો બોધ વ્યવસ્થિત થાય છે, અને ચારિત્રને લગતી ક્રિયાઓનું રહસ્ય યથાર્થપણે સમજાઇ દિનપ્રતિદિન ચારિત્રની શુદ્ધિ થતી જાય છે. 'જ્ઞાનનું ફલ વિરતિ છે', એ વાત જૈન મહર્ષિઓએ બહુ ઊંડા અનુભવ પછી જાહેર કરી છે.

સ્વાધ્યાય સાધુ અને શ્રાવક બંનેએ કરવાનો છે. તેમાં સાધુઓએ દિવસ અને રાત્રિની પહેલી તથા છેલ્લી પોરિસી ખાસ એને માટે જ ગાળવાની છે, એટલે ચોવીશ કલાકમાંથી બાર કલાક જેટલો સમય એને માટે કાઢવાનો છે; જ્યારે ગૃહસ્થોએ દિવસમાં બને તેટલાં સામાયિક કરવાનાં છે કે જેની મુખ્ય પ્રવૃત્તિ સ્વાધ્યાય હોય છે. સામાયિક લેતી વખતે 'સજ્ઝાય સંદિસાહું ?' અને 'સજ્ઝાય કરું' એ બે વાક્યો વડે સ્વાધ્યાયમાં પ્રવૃત્ત થવાનો આદેશ મંગાય છે, એ વાત ધ્યાન બહાર ન જવી જોઇએ.

'કોણે કેવા શ્રુતનું અધ્યયન કરવાનું છે ?' એનો ઉત્તર એ છે કે–સાધુએ પોતાના દરજ્જા પ્રમાણે નક્કી થયેલા શ્રુતનું અધ્યયન કરવાનું છે અને ગૃહસ્થોએ પોતાની ભૂમિકાને અનુરૂપ શ્રુત–સાહિત્યનું અધ્યયન કરવાનું છે. વળી એ પણ યાદ રાખવાનું છે કે જે સૂત્ર જે કાલે ભણવા–ગણવાનું હોય તે કાલે જ ભણવું–ગણવું જોઇએ પણ તેથી બીજા કાલે ભણવું–ગણવું ન જોઇએ. કાલની આ વ્યવસ્થાને વળગી રહીને સ્વાધ્યાય કરવો, જ્ઞાનોપાસના કરવી તેને કાલ નામનો પહેલો જ્ઞાનાચાર ગણવામાં આવે છે.

પ્રાતઃકાળ, મધ્યાહ્ન, સંધ્યા અને મધ્યરાત્રિની બે બે ઘડીઓ—એક સંધિસમય પહેલાંની અને એક પછીની—સ્વાધ્યાયને માટે નિષિદ્ધ છે. એટલે તે વેળાએ સૂત્રસિદ્ધાંત ન ભણતાં—ગુણતાં અન્ય ક્રિયાઓ કરવી યોગ્ય છે, એવો શાસ્ત્રકાર મહર્ષિઓનો મત છે. તેઓ કહે છે કે 'પહેલી અને છેલ્લી સંધ્યા સમયે, મધ્યાહ્નને અને અર્ધરાત્રિસમયે એ ચાર સંધ્યાઓ વખતે જે મનુષ્ય સ્વાધ્યાય કરે છે, તેણે આજ્ઞાદિકની વિરાધના કરી છે એમ જાણવું.'

લૌકિક શાસ્ત્રોનો મત પણ એવો જ છે, એટલે કે તેઓ પણ કાળવેળાએ સ્વાધ્યાય કરવાનો નિષેધ કરે છે અને તે વખતે સંધ્યાવંદન, વૈશ્વદેવ, તર્પણ, હોમ વગેરે જેવી ક્રિયાઓ કરવાનું સૂચન કરે છે.

સામાન્ય અભિપ્રાય એવો છે કે 'સંધ્યાકાળે આહાર, મૈથુન, નિદ્રા અને સ્વાધ્યાય એ ચાર કર્મને ખાસ કરીને વર્જવાં, કેમકે સંધ્યાકાળે આહાર કરવાથી વ્યાધિ ઉત્પન્ન થાય છે, મૈથુન કરવાથી દુષ્ટ ગર્ભ ઉત્પન્ન થાય છે, નિદ્રા કરવાથી ધનનો નાશ થાય છે અને સ્વાધ્યાય કરવાથી મરણ થાય છે.' આ અભિપ્રાયમાં ગમે તેટલું તથ્ય હો પણ એ વાત નક્કી છે કે—પ્રાતઃકાળ—સાયંકાળ વગેરે સમયે સ્વાધ્યાય કરવાનો નહિ હોવાથી દેવપૂજા તથા આવશ્યકાદિને માટે જોઈતો સમય મળી રહે છે, અને જેમ સમયે કરેલું કૃષિકર્મ બહુ ફળવાળું થાય છે, તેમ સર્વ ક્રિયાઓ પણ પોતપોતાને સમયે કરવાથી જ ફલવતી બને છે.

## (૨) વિનય

જ્ઞાન આપનાર ગુરુનો, જ્ઞાનીનો, જ્ઞાનાભ્યાસીનો, જ્ઞાનનો

અને જ્ઞાનનાં ઉપકરણોનો વિનય કરવો–તેમના પ્રત્યે પૂરેપૂરી આદરની લાગણી રાખવી તે **વિનય** નામનો બીજો જ્ઞાનાચાર ગણાય છે.

**ગુરુનો વિનય**–દશ પ્રકારે કરવો ઉચિત છે, તે આ રીતે—

( ૧ ) **સત્કાર**–ગુરુનો સત્કાર કરવો.

( ૨ ) **અભ્યુત્થાન**–ગુરુ આવ્યેથી ઊભા થવું.

( ૩ ) **સન્માન**–ગુરુને આદર–માન દેવું.

( ૪ ) **આસનાભિગ્રહ**–ગુરુને બેસવા માટે આસન આપવું.

( ૫ ) **આસનાનુપ્રદાન**–ગુરુને આસન પાથરી આપવું.

( ૬ ) **કૃતિકર્મ**–ગુરુને વંદન કરવું.

( ૭ ) **અંજલિગ્રહ**–ગુરુની સામે બે હાથ જોડીને ઊભા રહેવું ને કહેવું કે–મને શી આજ્ઞા છે ?

( ૮ ) **ઇંગિતાનુસરણ**–ગુરુના મનનો અભિપ્રાય જાણીને તે પ્રમાણે વર્તવું.

( ૯ ) **સેવા**–ગુરુ બેઠા હોય ત્યારે તેમની સેવા કરવી. ( પગ દાબવા વગેરે. )

(૧૦ ) **અનુગમન**–ગુરુ ચાલતા હોય ત્યારે તેમની પાછળ ચાલવું.

સારાંશ કે–ગુરુની દરેક પ્રકારે ભક્તિ કરવી.

**જ્ઞાનીનો વિનય** પણ ગુરુની જેમ જ કરવો ઘટે છે.

**જ્ઞાનના અભ્યાસીનો વિનય** ત્રણ પ્રકારે કરવો ઉચિત છે, તે આ રીતે—

( ૧ ) જ્ઞાનના અભ્યાસીને સારાં શોધેલાં પુસ્તકો આપવાં.

( ૨ ) સૂત્ર અને અર્થની પરિપાટી ( પ્રણાલિકા ) આપવી.

( ૩ ) આહાર અને ઉપાશ્રયનો આશ્રય આપવો.

જો જ્ઞાનાભ્યાસી શ્રાવક હોય તો ત્યાં આ નિયમોનો ઉપયોગ નીચે પ્રમાણે કરવો—

( ૧ ) તેને અભ્યાસ માટે સારાં પુસ્તકો આપવાં.

( ૨ ) એ પુસ્તકોનો મર્મ સમજાવવો કે મર્મ સમજાય તે માટે શિક્ષક વગેરેનો ઉચિત પ્રબંધ કરી આપવો.

( ૩ ) તેને જમવાની તથા સૂવા–બેસવાની સગવડ કરી આપવી અને શિષ્યવૃત્તિઓ આપીને તથા બીજી પણ યોજનાઓ વડે તેની જ્ઞાનરુચિને ટકાવી રાખવી તથા વેગ આપવો.

જો જ્ઞાનાભ્યાસીઓનો આ રીતે વિનય કરવામાં આવે તો જ્ઞાનીઓની સંખ્યા સારી રીતે વૃદ્ધિ પામે અને પરિણામે સમાજમાં પણ જ્ઞાનનું પ્રમાણ વધે. જે સમાજમાં વિદ્વાનો, પંડિતો, વિચારકો કે લેખકોનું યોગ્ય સન્માન થાય છે, તે સમાજ ટૂંક સમયમાં જ પોતાની પ્રગતિ સાધી શકે છે.

**જ્ઞાનનો વિનય** ૮ પ્રકારે કરવો ઉચિત છે, તે આ રીતે–

( ૧ ) ઉપધાન વગેરે વિધિ વડે સૂત્ર અને અર્થ ગ્રહણ કરવાં તથા અભ્યાસ કરવો.

(૨) વિધિ પ્રમાણે બીજાને સૂત્ર અને અર્થ આપવો, તેમાં કહેલા અર્થની સારી રીતે ભાવના કરવી.

(૩) તેમાં કહ્યા પ્રમાણે સારી રીતે અનુષ્ઠાન કરવું.

(૪) પોતે પુસ્તકો લખવાં.

(૫) બીજા પાસે પુસ્તકો લખાવવાં.

(૬) પુસ્તકોનું શોધન કરાવવું.

(૭) વાસક્ષેપ, કર્પૂર વગેરે સુગંધી વસ્તુઓ વડે જ્ઞાનની પૂજા કરવી.

(૮) જ્ઞાનપંચમી વગેરેની તપશ્ચર્યા કરવી અને તે માટેનું ખાસ ઉદ્યાપન કરવું.

**જ્ઞાનોપકરણનો વિનય** બે પ્રકારે કરવો ઉચિત છે. તે આ રીતે—

(૧) જ્ઞાનોપકરણ સારામાં સારાં એકઠાં કરવાં.

(૨) જ્ઞાનોપકરણ પ્રત્યે આદર રાખવો.

જ્ઞાનોપકરણમાં નીચેની વસ્તુઓની ગણના થાય છે—

(૧) પુસ્તકો (૨) ઠવણી (૩) કવળી (પુસ્તક ફરતું વીંટાળવાનું કપડું (૪) સાપડી (૫) સાપડો (૬) લેખણ (૭) છરી (૮) કાતર (૯) પુસ્તક રાખવાના ડાબલા (૧૦) ડાબલી (નવકારવાળી રાખવાની) (૧૧) ખડીઆ (૧૨) પાટી શાસ્ત્રી પાંચ કક્કા લખેલી. (૧૩) ચાબખી (પાઠામાં નાખવામાં આવે છે તે) (૧૪) કાગળ (૧૫) કાંબી (૧૬) સ્લેટ (૧૭) પેનસીલ (૧૮) હોલ્ડર (૧૯) પાઠાં (ભરેલાં અથવા સાદાં)

(૨૦) પાટલીઓ (૨૧) પુસ્તકો બાંધવાનાં રૂમાલો-બંધનો વગેરે. વિનયની પ્રશંસા કરતાં શાસ્ત્રકારોએ કહ્યું છે કે—

" खंती सुहाण मूलं, कोहो मूलं दुहाण सयलाणं ।
विणओ गुणाण मूलं, माणो मूलं अणत्थाणं ॥ "

"સર્વ સુખનું મૂળ કારણ ક્ષમા છે, સર્વ દુઃખોનું મૂળ કારણ ક્રોધ છે, સર્વ ગુણોનું મૂળ કારણ **વિનય** છે અને સર્વ અનર્થોનું મૂળ કારણ લોભ છે."

વળી ધર્મનું મૂળ પણ વિનય જ છે. તે માટે શાસ્ત્રકારોએ કહ્યું છે કે-

" विणओ सासणे मूलं, विणीओ संजओ भवे ।
विणयाओ विप्पमुक्कस्स, कओ धम्मो कओ तवो ? ॥ "

"ધર્મનું મૂળ વિનય છે, વિનયવંત જ સંયત--સાધુ થઈ શકે છે; વિનય રહિત માણસને ધર્મ ક્યાંથી હોય? અને તપ પણ ક્યાંથી હોય?"

અને—

" विणया नाणं नाणाओ, दंसणं दंसणाओ चरणं पि ।
चरणाहिंतो मुक्खो, मुक्खे सुक्खं अणाबाहं ॥ "

"વિનય વડે જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, જ્ઞાન વડે દર્શનની પ્રાપ્તિ થાય છે, દર્શન વડે ચારિત્રની પ્રાપ્તિ થાય છે, અને ચારિત્રથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. એ મોક્ષમાં નિરાબાધ સુખ રહેલું છે."

## ( ૩ ) બહુમાન

બહુમાન એટલે અંતરની પ્રીતિ કે હાર્દિક પ્રેમ. તે ન હોય તો માત્ર બાહ્ય વિનયથી શું ? જેવો જીવ વિનાનો દેહ, દ્રવ્ય વિનાનું ઘર, નાક વિનાનું મુખ, ગંધ વિનાનું પુષ્પ અને જળ વિનાનું સરોવર શોભાને ધારણ કરતા નથી તેમ બહુમાન વિનાનો વિનય પણ શોભાને ધારણ કરતો નથી. તેથી વિનયની સાથે ગુરુ પ્રત્યે બહુમાન પણ જોઇએ. તે વિષે શાસ્ત્રોમાં કહ્યું છે કે--

" निद्दाविगहा परिवज्जिएहिं गुत्तेहिं पंजलिउडेहिं ।
भत्तिबहुमाणपुव्वं उवउत्तेहिं सुणेअव्वं ॥ "

" શ્રુતજ્ઞાનના અર્થીએ નિદ્રા અને વિકથાનો ત્યાગ કરીને, ત્રણ ગુપ્તિ વડે ગુપ્ત:થઇને, બે હાથ જોડીને ભક્તિ--બહુમાનપૂર્વક ઉપયોગ રાખી શ્રુતને શ્રવણ કરવું. "

" वणओणएहिं कयपंजलीहिं छंदमणुअत्तमाणेहिं ।
आराहिओ गुरुजणो, सुअं बहुविहं लहुं देइ ॥ "

" ઊંચા પ્રકારના વિનયથી, હાથ જોડવાથી તથા ગુરુની ઇચ્છાનુસાર વર્તન કરવાથી આરાધન કરેલા ગુરુજન વિવિધ પ્રકારના શ્રુતને તત્કાળ આપે છે. "

બહુમાન વિના એકલા ઘણા વિનયથી પણ ગ્રહણ કરેલી વિદ્યા ફલદાયક થતી નથી અને બહુમાન કરવાથી થોડા વિનય વડે પણ ફલદાયક થાય છે. તે વિષે શાસ્ત્રોમાં કહ્યું છે કે– ' જે માણસ મિથ્યા વિનય વડે વિદ્યા અથવા જ્ઞાનને ગ્રહણ

કરીને ગુરુની અવગણના કરે છે, તે માણસનું જ્ઞાન સત્વર નિષ્ફળ થાય છે. તથા વિનય સહિત અને ગુણે કરીને યુક્ત એવો જે માણસ ગુરુની પાસે બહુમાનપૂર્વક વિદ્યા ગ્રહણ કરે છે તે વિદ્યા સત્વર ફલ આપે છે.'

બહુમાન સંબંધમાં એક લૌકિક દૃષ્ટાંત નીચે મુજબ કહેવાય છે.

એક પર્વતમાંથી પાણીનાં કેટલાંક ઝરણાં વહેતાં હતાં. તે ઠેકાણે શિવની એક ચમત્કારિક મૂર્તિ હતી, જેની પૂજા એક બ્રાહ્મણ સ્નાનાદિક વગેરેથી શુદ્ધ થઈને ચંદન-પુષ્પાદિક વડે નિરંતર ભક્તિપૂર્વક કરતો હતો. હવે તે બ્રાહ્મણ પૂજા કરી ગયા પછી એક ભિલ્લ ત્યાં આવતો હતો, જેના એક હાથમાં ધનુષ્ય-બાણ રહેતાં અને બીજા હાથમાં બિલીપત્ર રહેતું. તે પોતાના પગ વડે બ્રાહ્મણે કરેલી પૂજાને ભૂંસી નાખતો અને મોંમાં ભરી લાવેલા પાણીના કોગળા વડે મૂર્તિને નવરાવી તેના પર બિલીપત્ર ચડાવતો.

એક દિવસ આ હકીકત બ્રાહ્મણના જાણવામાં આવી ત્યારે તેણે ક્રોધથી શિવને ઠપકો આપ્યો કે-'હે શિવ! તું પણ ભિલ્લ જેવો જ થઈ ગયેલો જણાય છે.' ત્યારે શિવે કહ્યું કે 'એ ભિલ્લ મારા માટે બહુમાન ધરાવે છે અને તેની આતરી તને કાલે સવારે થશે.'

બીજા દિવસે સવારમાં શિવે પોતાનું એક નેત્ર કાઢી નાંખ્યું. હવે થોડી વારે બ્રાહ્મણ પૂજા કરવા આવ્યો. તે શિવની આ પ્રકારની હાલત જોઈને હૃદયમાં ખેદ પામ્યો, પરંતુ બીજું

કંઈ પણ ન કરતાં સૂનમુન ઊભો રહ્યો, તેવામાં બનવાજોગ પેલો ભિલ્લ પણ ત્યાં આવી પહોંચ્યો. તેણે શિવને એક નેત્રથી રહિત જોયા કે ઝટ લઈને બાણની અણીવડે પોતાનું એક નેત્ર કાઢીને શિવને અર્પણ કર્યું. આથી શિવ તેના પર ઘણા પ્રસન્ન થયા અને તેને નેત્ર પાછું આપ્યું તથા રાજ્યનો માલિક બનાવ્યો. આ જોઈને પેલો બ્રાહ્મણ ઘણો શરમાઈ ગયો અને બહુમાન વિનાની ભક્તિ ફલદાયક થતી નથી એમ સમજીને તે પણ બહુમાનપૂર્વક ભક્તિ કરવા લાગ્યો.

જેમ ગુરુ પ્રત્યે બહુમાન હોવું ઘટે છે તેમ જ્ઞાન માટે પણ બહુમાન હોવું ઘટે છે. તે એ રીતે કે-જ્ઞાનને આ સંસારની સહુથી પવિત્ર વસ્તુ સમજવી, અને તેને સુવર્ણ, હીરા, મોતી અને માણેક કરતાં અનેકગણું વધારે મૂલ્યવાન સમજવું. બીજા શબ્દોમાં કહીએ તો સુવર્ણ, હીરા, મોતી અને માણેક એ સ્થૂલ ધન છે અને કિંમત કાલ્પનિક છે, જ્યારે જ્ઞાન એ સાચું ધન છે અને તેની કિંમત વાસ્તવિક છે. એટલે એ વાત સદૈવ યાદ રાખવી ઘટે કે-આખા જગતની ધન-દોલત ભેગી કરીએ તો પણ તેનું મૂલ્ય જ્ઞાનીએ કહેલા એક સૂત્રની બરાબર થતું નથી. પરંતુ અફસોસની વાત છે કે-આજે જ્ઞાન પ્રત્યેનો આંતરિક પ્રેમ ઘટ્યો છે અને ધન પ્રત્યેનો આંતરિક પ્રેમ વધ્યો છે. તેથી જ એક જ્ઞાની--વિદ્વાન્ કરતાં એક શ્રીમંત-ધનવાનનો વિશેષ સત્કાર થાય છે અને તેને જ સર્વ ઠેકાણે આગળ પડતું સ્થાન આપવામાં આવે છે. પરંતુ પરિણામ એ આવ્યું છે કે-પ્રજાના ધાર્મિક સંસ્કારો અને શિક્ષણમાં મોટો ઘટાડો થયો છે અને વ્યવહારિક પ્રવૃત્તિ

તરફનો વેગ વધી પડ્યો છે. આને લીધે જે કંઈ પ્રવૃત્તિઓ થાય છે, તે મોટા ભાગે સ્થૂલ દૃષ્ટિએ જ થાય છે અને તેમાં તથ્ય જેવું કંઈ જ નહિ હોવાથી તેનું પરિણામ જે આવવું જોઈએ તે આવતું નથી. આ પરિસ્થિતિમાં સુધારો કરવાનો એક જ ઉપાય છે. તે એ કે–જ્ઞાનને તેના મૂળ સ્થાને પ્રતિષ્ઠિત કરવું અને જ્ઞાનીઓનો મોભો વધારીને તેમનું માર્ગદર્શન દરેક અગત્યના કામમાં સ્વીકારવું.

(૪) ઉપધાન.

શ્રુતનો અભ્યાસ કરવાની યોગ્યતા આવે તે માટે વિશિષ્ટ પ્રકારનું તપ કરવાની આવશ્યકતા છે. આ તપ શાસ્ત્રકથિત ને અતિ પ્રાચીન છે. તે અંગે શાસ્ત્રકારોએ કહ્યું છે કે—

"वसे गुरुकुले निच्चं, जोगवं उवहाणवं।
पियंकरे पियंवाई, से सिक्खं लद्धुमरिहई॥"

"જે હમેશા ગુરુકુલમાં રહે છે, યોગવાન્ તથા ઉપધાનવાન્ છે તથા પ્રિય કરનાર અને પ્રિય બોલનાર છે તે શાસ્ત્રનું શિક્ષણ શીઘ્ર પામવાને યોગ્ય છે."

'ઉપધાન કોને કહેવાય?' તેનો ઉત્તર એ છે કે 'જેના વડે સૂત્રનો અભ્યાસ કરવાની શક્તિ પ્રકટે તે ઉપધાન કહેવાય.
'उप-समीपे धीयते-क्रियते सूत्रादिकं येन तपसा तदुपधानम्'
'જે તપ વડે સૂત્રાદિક આત્મસમીપે કરાય તે ઉપધાન.'

આ તપ સાધુઓને પોતપોતાની સામાચારી પ્રમાણે કરવાનું હોય છે, જ્યારે શ્રાવકોને માટે છ ઉપધાનો નિયત થયેલાં છે. તે આ રીતે—

૧ પહેલું ઉપધાન-પંચમંગલ મહાશ્રુતસ્કંધ-અઢારિયું. (અઢાર દિવસનું)

૨ બીજું ઉપધાન-પ્રતિક્રમણશ્રુતસ્કંધ-અઢારિયું. (અઢાર દિવસનું)

૩ ત્રીજું ઉપધાન-શક્રસ્તવ અધ્યયન-પાંત્રીસું. (પાંત્રીસ દિવસનું)

૪ ચોથું ઉપધાન-ચૈત્યસ્તવ અધ્યયન-ચોકિયું (ચાર દિવસનું)

૫ પાંચમું ઉપધાન-નામસ્તવ અધ્યયન-અઠ્ઠાવીસું (અઠ્ઠાવીસ દિવસનું)

૬ છઠ્ઠું ઉપધાન-જ્ઞાનસ્તવનું એટલે શ્રુતસ્તવ અને સિદ્ધસ્તવ-છક્કિયું. (સાત દિવસનું)

આમાં પહેલું, બીજું, ચોથું ને છઠ્ઠું ઉપધાન સાથે થઈ શકે છે. ઉપધાન કરવાનો સામાન્ય વિધિ એ છે કે-ઉપધાનમાં પ્રવેશ કરવાના દિવસે સવારમાં પ્રતિક્રમણ, પડિલેહણ (જીવરક્ષાર્થે વસ્ત્રાદિક વસ્તુઓનું જોવું) અને દેવવંદન કરીને શ્રી જિનેશ્વર દેવનાં દર્શન, પૂજા કર્યા પછી ત્રણ નવકાર ગણીને તથા શુભ શુકન જોઈને ઘેરથી નીકળી ક્રિયા કરવાના સ્થળે પહોંચી જવું. તે વખતે પુરુષ હોય તો (૧) એક ચરવળો (૨) બે કટાસણાં (૩) ચાર મુહપત્તી (૪) એક સંથારિયું (૫) બે સાલો (૬) એક ઉત્તરપટ્ટો-સંથારા પર પાથરવાનું સુતરાઉ વસ્ત્ર (૭) એક

માતરિયું (૮) બે એસ (૯) ત્રણ ધોતિયાં (૧૦) એક સુતરનો કંદોરો અને (૧૧) નવકારવાલી લઇ તથા સ્ત્રી હોય તો (૧) બે ચરવળા (૨) બે કટાસણાં (૩) ચાર મુહપત્તી (૪) એક સંથારિયું (૫) બે સાલો (૬) એક ઉત્તરપટ્ટો (૭) પહેરવાનાં બે કે ત્રણ જોડી કપડાં (૮) અને એક નવકારવાલી લઇ જવી. શિયાળો હોય તો ઓઢવાનું સાધન વધારે લેવું.

ઉપધાનવાળાનો સામાન્ય કાર્યક્રમ આ પ્રકારનો હોય છે—

(૧) સવારે ચાર વાગે ઉઠવું. ઉઠતાં ત્રણ નવકાર ગણુવા.

(૨) લઘુશંકાદિકથી પરવારી સ્થાપનાચાર્ય ભગવંત સમક્ષ ઇરિયાવહી કરી 'ગમણાગમણે' સૂત્ર બોલ્યા બાદ કુસુમિણ-દુસુમિણનો કાઉસ્સગ્ગ કરી ઉપધાન અંગેનો ૧૦૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ ખૂબ સ્થિરતાથી કરવો.

(૩) ત્યાર બાદ રાઈ પ્રતિક્રમણ કરવું, જેમાં 'અડ્ઢાઇજ્જેસુ સૂત્ર' બોલવા અગાઉ પૌષધ લઈ લેવો. પછી પડિલેહણ અને દેવવંદન કરવું.

(૪) વસ્તિશુદ્ધિ જોઈ સવારે સાત વાગે ગુરુમહારાજ પાસે પવેયણાની [પ્રતિપાદન] ક્રિયા કરવી અને **૧૦૦ વાર ખમાસમણ** સૂત્ર બોલવાપૂર્વક પંચાંગ પ્રણિપાત કરવાં.

(૫) દેરાસરમાં દર્શન કરવા જવું અને ત્યાં આઠ થોઇ-સ્તુતિથી દેવને વંદન કરવું.

(૬) છ ઘડીની પોરિસી ભણાવવી.

( ૭ ) બાર વાગે કાળનું દેવવંદન કરવું.

( ૮ ) પુરિમઢ્ઢ( બે પોરિસી )નો સમય થાય એટલે વિધિસર પચ્ચકખાણ પારવું.

( ૯ ) જે દિવસે આયંબિલ કે નીવી હોય તે દિવસે આયંબિલ કે નીવી કર્યા પછી ચૈત્યવંદન કરવું.

( ૧૦ ) સાંજે ચાર વાગે પડિલેહણ કરવું.

( ૧૧ ) સાંજના દેવવંદન કરવું.

( ૧૨ ) ગુરુમહારાજ પાસે સાંજે સાડાપાંચ વાગે ક્રિયા કરવા માટે જવું.

( ૧૩ ) સાયંકાળે દેવસિય પ્રતિક્રમણ કરવું.

( ૧૪ ) રાત્રે સૂવા પહેલાં સંથારાપોરિસી ભણાવવી.

શરૂઆતના ઉપધાનવાળા હમેશાં નવકાર મંત્રની ૨૦ બાધી નવકારવાળી ગણે અને પાંત્રીશા તથા અઠાવીશાવાળા સંપૂર્ણ લોગસ્સની ત્રણ નવકારવાળી ગણે.

આ કાર્યક્રમ પરથી ઉપધાનમાં દાખલ થનારનો સમય કેવા પવિત્ર વિચારો અને વાતાવરણમાં પસાર થાય છે, તેનો કંઈક ખ્યાલ આવી શકશે.

ઉપધાનો કેવી રીતે કરવાં તે સંબંધમાં શાસ્ત્રકારોએ કહ્યું છે કે ‘ સારાં એવાં તિથિ, કરણ, મુહૂર્ત, નક્ષત્ર, યોગ અને લગ્ન હોય તથા ચંદ્રનું બળ હોય ત્યારે જાત્યાદિક આઠે પ્રકારના મદોનો ત્યાગ કરીને તથા અત્યંત તીવ્ર શ્રદ્ધા- અને

સંવેગ ઉત્પન્ન થવાથી ઉલ્લાસ પામતા મહાશુભ અધ્યવસાય અનુસાર ભક્તિ અને બહુમાનપૂર્વક તથા નિયાણાથી રહિત દ્વાદશભક્ત એટલે પાંચ ઉપવાસ કરીને ચૈત્યાલયમાં જંતુ રહિત પ્રદેશને વિષે જઇને નવા નવા સંવેગ વડે ઉછળતા અને અત્યંત ગાઢ, અચિંત્ય તથા પરમ શુભ પરિણામ ઉત્પન્ન થવાથી ઉલ્લાસ પામતા દૃઢ અંતઃકરણવાળા શ્રાવકે પાંચ અધ્યયન અને એક ચૂલાએ કરીને સહિત તથા શ્રેષ્ઠ એવી પ્રવચન દેવતાએ અધિષ્ઠિત પંચમંગલ મહાશ્રુતસ્કંધનું પહેલું અધ્યયન '**नमो अरिहंताणं**' ભણવું. તે દિવસે આચામ્લ (આયંબિલ તપ) કરીને પારણું કરવું. તે જ પ્રમાણે બીજે દિવસે પાંચ અક્ષરવાળું '**नमो सिद्धाणं**' એવું બીજું અધ્યયન આયંબિલ કરીને ભણવું. એ રીતે પાંચે અધ્યયન પાંચ દિવસે આયંબિલ તપ કરીને ભણવા. પછી **एसो पंच नमुक्कारो** એવી ચૂલાને છટ્ઠે, સાતમે અને આઠમે દિવસે દરરોજ આયંબિલપૂર્વક ભણવી. પછી અઠ્ઠમ કરીને અનુજ્ઞા લઇને આખો મંત્ર અવધારવો.*

ત્યાર પછી પંચમંગલ મહાશ્રુતસ્કંધની જ જેમ તેટલા જ તપ વડે પ્રતિક્રમણશ્રુતસ્કંધ એટલે ઇરિયાવહી સૂત્ર ભણવું; એક અઠ્ઠમ અને બત્રીશ આયંબિલ વડે શક્રસ્તવ અધ્યયન એટલે નમોત્થુણં સૂત્ર ભણવું; એક ઉપવાસ અને ત્રણ આયંબિલ વડે ચૈત્યસ્તવ અધ્યયન એટલે અરિહંતચેઇયાણં સૂત્ર ભણવું; એક છટ્ઠ, એક ઉપવાસ અને પચીશ આયંબિલ વડે

* આ મૂલ વિધિ છે. હાલમાં પૂર્વાચાર્ય ભગવંતોના આમ્નાય પ્રમાણે બીજી રીતે પણ થાય છે.

નામસ્તવ અધ્યયન એટલે લોગસ્સ સૂત્ર ભણવું અને એક ઉપવાસ તથા પાંચ આયંબિલ વડે જ્ઞાનસ્તવ એટલે શ્રુતસ્તવ (પુક્ખરવરદ્દીવડ્ઢે સૂત્ર) અને સિદ્ધસ્તવ (સિદ્ધાણં બુદ્ધાણં સૂત્ર) ભણવું."

ઉપધાનના લાભો શાસ્ત્રકારોએ અનેક પ્રકારે વર્ણવેલા છે અને પ્રત્યક્ષ અનુભવ પણ તે જ પ્રકારનો છે; તેથી શ્રુતનું યથાર્થ આરાધન કરનારે ઉપધાન કરવા તરફ પૂરતું લક્ષ્ય આપવું.

## (૫) અનિહ્નવતા

શ્રુતનું અધ્યયન કર્યા પછી ગુરુ તથા શ્રુતનો અપલાપ કરવો નહિ–નિહ્નવ કરવો નહિ તે અનિહ્નવતા કહેવાય છે. વધારે સ્પષ્ટ કહીએ તો વિદ્યા આપનાર ગુરુ જો અપ્રસિદ્ધ હોય તથા જાતિથી રહિત હોય, તો પણ તેમને જ ગુરુ તરીકે કહેવા પણ પોતાનું ગૌરવ વધારવાને બીજા કોઈ યુગપ્રધાનાદિક પ્રસિદ્ધ પુરુષને ગુરુ તરીકે કહેવા નહિ. તેમજ જેટલું શ્રુત ભણ્યા હોઇએ તેટલું જ કહેવું પણ ઓછું કે વત્તું કહેવું નહિ; કેમકે તેથી મૃષાભાષણ, ચિત્તનું મલિનપણું, જ્ઞાનાતિચાર વગેરે દોષો લાગે છે.

ગુરુનો નિહ્નવ કરવામાં ઘણું મોટું પાપ છે, તે જણાવવા માટે લૌકિક શાસ્ત્રોએ પણ કહ્યું છે કે–

"एकाक्षरप्रदातारं, यो गुरुं नैव मन्यते ।
श्वानयोनिं शतं गत्वा, चाण्डालेष्वपि जायते ॥ "

"જે મનુષ્ય એક અક્ષર પણ આપનાર ગુરુને માનતો

નથી, તે સો વાર કૂતરાની યોનિમાં ઉત્પન્ન થઈને ચાંડાલના કુલમાં જન્મે છે.”

ગુરુનો અપલાપ કરનારના કેવા હાલ થાય છે, તે જણાવનારું એક લૌકિક દૃષ્ટાંત આ રહ્યું—

એક હજામ વિદ્યાના બળથી અસ્ત્રાની કોથળીને આકાશમાં નિરાધાર રાખતો હતો. તેનો આ ચમત્કાર જોઈને એક પરિવ્રાજકે તે વિદ્યા લેવા માટે તેની ઘણા પ્રકારે સેવા કરી, તેથી પ્રસન્ન થયેલા હજામે તેને એ વિદ્યા આપી. પછી તે પરિવ્રાજક વિદ્યાના બળે પોતાના દંડ અને કમંડળને આકાશમાં નિરાધાર રાખવા લાગ્યો તે જોઈને લોકો ઘણો ચમત્કાર પામ્યા અને તેને ઘણું માન આપવા લાગ્યા. હવે એક દિવસ કોઈ રાજાએ તે પરિવ્રાજકને ભોજનનું નિમંત્રણ આપ્યું અને ખૂબ સુંદર વાનીઓ જમાડી. પછી પ્રાસંગિક વાત કરતાં પૂછ્યું કે ‘હે પરિવ્રાજક! તમારા ગુરુ કોણ છે?’ એના ઉત્તરમાં પેલા પરિવ્રાજકે કહ્યું કે ‘મારા ગુરુ મહાતપસ્વી ઋષિ છે. જેઓ નિરંતર હિમાલયમાં રહે છે અને ફળફૂલ જ ખાય છે.’ આ પ્રમાણે બોલતાં જ તેણે પોતાનાં દંડ અને કમંડળ જે આકાશમાં નિરાધાર રાખ્યાં હતાં તે ધબોધબ નીચે પડ્યાં અને તે હાંસી તથા અપમાનને પાત્ર બન્યો. એટલે કોઈએ પોતાના વિદ્યાગુરુને ઓળવવા નહિ કે જેટલા શ્રુતનો અભ્યાસ કર્યો હોય તેને ન્યૂનાધિક કહેવું નહિ.

## ( ૬ ) વ્યંજનશુદ્ધિ

વ્યંજન એટલે અક્ષર. તેને અન્યથા કરતાં પાઠ અશુદ્ધ

બને છે અને તેના લીધે મહાદોષો, મહાઆશાતનાઓ અને સર્વજ્ઞની આજ્ઞાનો ભંગ વગેરે દોષો પ્રાપ્ત થાય છે; તથા ક્રિયાનો ભેદ થવાથી મોક્ષનો અભાવ થાય છે. અને મોક્ષનો અભાવ થતાં સાધુ તથા શ્રાવકો વડે ધર્મનું જે આરાધન થાય છે, તપશ્ચર્યા વગેરે કરાય છે અને ઉપસર્ગ વગેરે સહન કરવામાં આવે છે, તે સઘળાં પણ નિરર્થક બને છે. તેથી વ્યંજનમાં કંઇ પણ ફેરફાર ન કરતાં તેને મૂળ સ્વરૂપમાં જ રાખવા અને તેનો ઉચ્ચાર પણ શુદ્ધ કરવો.

વ્યંજનોથી શબ્દ બને છે. એ શબ્દમાં કોઈ પણ સ્થળે કાનો, માત્રા, મીંડી કે વરડૂ વધારી દેવાથી કે ઘટાડી દેવાથી તેના અર્થમાં મોટું પરિવર્તન થઈ જાય છે. જેમકે—મન—માન (કાનાનો વધારો). વાર—વર (કાનાનો ઘટાડો). ખર—ખેર (માત્રાનો વધારો). કેલિ—કલિ (માત્રાનો ઘટાડો). કટક—કંટક (મીંડીનો વધારો). મંદ—મદ (મીંડીનો ઘટાડો). નર—નીર (દીર્ઘઈનો વધારો). પીર—પર (દીર્ઘઈનો ઘટાડો). મલ—મૂલ (દીર્ઘ ઊનો વધારો). ફૂલ—ફલ (દીર્ઘ ઊનો ઘટાડો).

ઉચ્ચારમાં ફેર પડવાથી સકલનું શકલ સંભળાય છે, તેમાં સકલનો અર્થ બધું થાય છે અને શકલનો અર્થ ટૂકડો થાય છે, એટલે મૂળ હેતુથી તદ્દન ઉલટો જ અર્થ નીકળે છે. તેથી સૂત્રના પ્રત્યેક અક્ષરનો ઉચ્ચાર બરાબર શુદ્ધ કરવો.

## (૭) અર્થશુદ્ધિ

જેમ વ્યંજનશુદ્ધિ જરૂરની છે, તેમ અર્થશુદ્ધિ પણ જરૂરની છે. જો અર્થમાં પરિવર્તન કરવામાં આવે તો મૂળ

વાક્યનું કે મૂળ સૂત્રનું આખું રહસ્ય બદલાઈ જાય છે. તે સંબંધી નીચેનું દૃષ્ટાંત વિચારવા યોગ્ય છે.

**શુક્તિમતી** નગરીમાં **ક્ષીરકદંબક** નામે ઉપાધ્યાય રહેતા હતા. તે પોતાના પુત્ર પર્વતને, રાજાના પુત્ર વસુને તથા નારદ નામના એક વિદ્યાર્થીને શાસ્ત્રાભ્યાસ કરાવતા હતા. એક વખત તે ત્રણે વિદ્યાર્થીઓ અભ્યાસ કરીને મકાનની અગાસીમાં સૂઈ ગયા હતા. તે વખતે આકાશમાર્ગે ગમન કરતાં બે ચારણ મુનિઓ પરસ્પર બોલ્યા કે ' આ ત્રણ વિદ્યાર્થીઓમાંથી એક વિદ્યાર્થી સ્વર્ગે જશે અને બીજા બે નરકે જશે. ' તે વખતે ઉપાધ્યાય જાગતા હતા. તેમણે આ વૃત્તાંત સાંભળી ખેદ પામીને વિચાર્યું કે–' મને ધિક્કાર છે કે હું ભણાવનાર છતાં મારા બે શિષ્યો નરકે જશે. ' પછી પ્રાતઃકાળે આ શિષ્યોમાંથી કોણ સ્વર્ગે જશે ? અને કોણ નરકે જશે ? તે જાણવાના હેતુથી દરેકને લોટનો બનાવેલો એક એક કૂકડો આપ્યો અને કહ્યું કે–' જે ઠેકાણે કોઈ પણ ન જુએ તેવે ગુપ્ત સ્થાને આને મારી નાખો.' તે સાંભળીને વસુ અને પર્વતે નિર્જન પ્રદેશમાં જઈને કૂકડાને મારી નાખ્યો, પણ નારદે નિર્જન પ્રદેશમાં જઈને વિચાર કર્યો કે– ' આ સ્થાન નિર્જન છે, તો પણ હું અહીં દેખું છું, દેવો દેખે છે, સિદ્ધ દેખે છે અને જ્ઞાની પણ દેખે છે. જે સ્થાને કોઈ પણ ન દેખે એવું સ્થાન તો આખા વિશ્વમાં કોઈ જ નથી માટે આ કૂકડો અવધ્ય છે, એમ ગુરુનો અભિપ્રાય જણાય છે. ' અને તેણે કૂકડાને માર્યો નહિ. પછી ત્રણે વિદ્યાર્થીઓએ આવીને પોતાનાં વૃત્તાંતો ગુરુને કહ્યા એટલે નારદને સ્વર્ગમાં જનારો જાણીને છાતી સરસો ચાંપ્યો અને બીજા બેને

ઠપકો આપ્યો. પછી ઉપાધ્યાયે વૈરાગ્યથી વાસિત થઈને પ્રવ્રજ્યા ગ્રહણ કરી એટલે તેના સ્થાને તેનો પુત્ર પર્વત આવ્યો. અનુક્રમે રાજાએ પણ દીક્ષા લીધી, એટલે તેના સ્થાને વસુ ગાદીએ આવ્યો. આ વસુ પોતાનું સત્યવાદીપણું પ્રસિદ્ધ કરવા માટે સત્ય જ બોલતો હતો.

એક વખત તેને કોઈ શિકારી દ્વારા સ્ફટિકમણિની મોટી શિલાની ભાળ મળી, એટલે તેણે એ શિલાને ગ્રહણ કરી તેની એક આસનવેદિકા બનાવી અને તેના ઘડનારા સર્વ શિલ્પીઓને મારી નાખ્યા. પછી તે આસનવેદિકા પોતાના સિંહાસનની નીચે મૂકી અને 'સત્યવાદીપણાને લીધે તેનું સિંહાસન આકાશમાં નિરાધાર રહે છે' એવી ખ્યાતિ સર્વત્ર ફેલાવી. તે ખ્યાતિને લીધે ઘણા રાજાઓએ તેને દેવકૃપાથી અધિષ્ઠિત થયેલો માનીને તેનું શરણ સ્વીકારી લીધું.

હવે એકદા પર્વત ઉપાધ્યાય પોતાના શિષ્યોને ભણાવતો હતો. તે વખતે 'अजैर्यष्टव्यं' એ ઋગ્વેદની શ્રુતિનો અર્થ 'અજ એટલે બકરા વડે યજ્ઞ કરવો' એ પ્રમાણે કર્યો. તે સાંભળીને તેને મળવા આવેલો નારદ કે જે તેની પાસે બેઠો હતો, તે બોલ્યો કે 'હે ભાઈ! તું આવો અર્થ ન કર, કેમકે જે વાવ્યા છતાં પણ ઊગે નહિ તે 'અજ' કહેવાય છે, તેથી અહીં 'અજ' એટલે ત્રણ વર્ષ ઉપરાંતની ડાંગર લેવાની છે. આપણા ગુરુએ પણ એમ જ કહ્યું છે, માટે ધર્મોપદેષ્ટા ગુરુને તથા ધર્મપ્રતિપાદક શ્રુતિને તું અન્યથા ન કર.'

આ પ્રમાણે બહુ બહુ કહ્યા છતાં પર્વતે પોતાનો આગ્રહ

મૂક્યો નહિ. છેવટે તેમણે વાદ કરવાનો નિર્ણય કર્યો અને તેમાં જે હારી જાય તેની જીભ કાપી નાખવી એવી શરત કબૂલ કરી. પછી વસુ રાજાને સાક્ષી કરીને વાદવિવાદ કર્યો. તેમાં વસુ રાજાએ પર્વતની માતાના સમજાવવાથી ખોટી સાક્ષી પૂરી અને 'અજનો અર્થ બકરો થાય છે' એમ જાહેર કર્યું. પરંતુ દગો કોઈનો સગો નથી. એટલે દેવતાઓએ તેને તરત જ સિંહાસન પરથી નીચે પાડી દીધો અને તે લોહીનું વમન કરતો મરીને નરકે ગયો. તે જ રીતે નગરના લોકોએ પર્વતને અસત્યવાદી જાણી ધિક્કાર આપ્યો અને તેને નગરની બહાર કાઢી મૂક્યો.

તાત્પર્ય કે–એક શબ્દનો અર્થ ફેરવી નાખવાથી મહા-અનર્થ થાય છે અને તેનું ફલ કર્મબંધનની પરંપરામાં આવે છે, તેથી શ્રુતનું આરાધન કરનારે અર્થશુદ્ધિ માટે બરાબર લક્ષ્ય રાખવું.

### (૮) તદુભયશુદ્ધિ

સૂત્રનો ઉચ્ચાર શુદ્ધ કરવો અને તે સાથે જ તેનો શુદ્ધ અર્થ વિચારવો તેને તદુભયશુદ્ધિ કહે છે. એટલે મુખમાંથી શબ્દ એક પ્રકારનો બોલાતો હોય અને અર્થ કે ભાવ બીજા પ્રકારનો ચાલતો હોય તો તે જ્ઞાનની આશાતના છે અને તેથી વર્જવા યોગ્ય છે.

આ રીતે જ્ઞાનાચારનું રહસ્ય સમજી જેઓ શ્રુતનું યથાર્થ આરાધન કરે છે, જ્ઞાનની અનન્ય ઉપાસના કરે છે, તેને સૂત્ર અને અર્થનો લાભ થાય છે તથા તેના વડે જ્ઞાન, વિજ્ઞાન,

પ્રત્યાખ્યાન, સંયમ, કર્મનિર્જરા અને અક્રિયાપણું ઉત્પન્ન થઈ મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે.

## ૧૫. તત્ત્વસંવેદન

જૈન મહર્ષિઓએ અપેક્ષાવિશેષથી જ્ઞાનને ત્રણ પ્રકારનું પણ જણાવેલું છે. તે આ પ્રમાણે (૧) વિષયપ્રતિભાસ, (૨) આત્મપરિણતિમત્ અને (૩) તત્ત્વસંવેદન.

જેમાં ઇન્દ્રિયગોચર વિષયોનો પ્રતિભાસ હોય પણ તેના હેય કે ઉપાદેય અંશોનો ખ્યાલ ન હોય તે **વિષયપ્રતિભાસ** કહેવાય. કહ્યું છે કે—

" **विषकण्टकरत्नादौ, बालादिप्रतिभासवत् ।**
**विषयप्रतिभासं स्यात्, तद्धेयत्वाद्यवेदकम् ॥** "

'ઝેર, કાંટા અને રત્નાદિકને વિષે બાળકાદિના જાણપણાની પેઠે હેયત્વ આદિનો નિશ્ચય નહિ કરાવનારું જ્ઞાન **વિષય-પ્રતિભાસ** છે.'

બાળક એમ જાણે છે કે--આ ઝેર કહેવાય, આ કાંટો કહેવાય, આ રત્ન કહેવાય. પણ ઝેર શા માટે ત્યાજ્ય છે? કાંટો શા માટે પરિહાર્ય છે? અથવા રત્ન શા માટે ગ્રહણ કરવા યોગ્ય છે? એવો વિવેક તેને હોતો નથી, એટલે હેય અને ઉપાદેયના વિવેકથી રહિત માત્ર વિષયના પ્રતિભાસરૂપ જે જ્ઞાન હોય તે વિષયપ્રતિભાસ જ્ઞાન કહેવાય.

સામાન્ય વ્યવહારમાં આવા જ્ઞાનને પોપટિયું જ્ઞાન કહેવામાં આવે છે; કારણ કે પોપટ મુખથી 'રામ રામ' બોલે છે, પણ

'રામ કોણ છે?' અથવા 'રામનું નામ શા માટે બોલવું?' તેનો ખ્યાલ તેને હોતો નથી.

જેમાં વસ્તુના હેય અને ઉપાદેય અંશોનું જ્ઞાન હોય પણ તથાવિધ પ્રવૃત્તિ કે નિવૃત્તિ ન હોય તે **આત્મપરિણતિમત્** કહેવાય. કહ્યું છે કે—

**"पातादिपरतंत्रस्य, तद्दोषादावसंशयम् ।
अनर्थाद्याप्तियुक्तं चात्मपरिणतिमन्मतम् ॥"**

"વિષય અને કષાય વગેરે દોષોથી પરતંત્ર થયેલા પ્રાણીને તેના દોષો વગેરેનું જે સંશય રહિત જ્ઞાન થાય અને જે દુર્ગતિ ગમનરૂપી અનર્થ અને પરંપરાથી મળતા મોક્ષરૂપી ગુણના સંપૂર્ણ ખ્યાલવાળું છે તે **આત્મપરિણતિમત્** જ્ઞાન જાણવું."

બુદ્ધિશાળી અથવા પંડિત પુરુષો એમ જાણે છે કે--સ્પર્શની લાલસા છોડવી જોઇએ, રસની લાલસા છોડવી જોઇએ વળી ગંધ, રૂપ અને શબ્દની લાલસા પણ છોડવી જોઇએ, તેમજ ક્રોધ, માન, માયા અને લોભ મહાઅનર્થકારી છે તેથી તેનો ત્યાગ અવશ્ય કરવો જોઈએ કારણ કે તેનાથી જીવની દુર્ગતિ થાય છે અને તે છોડવાથી જ સદ્ગતિની સંભાવના છે પણ તેઓ તેમાં તથાવિધ પ્રવૃત્તિ કરતા નથી એટલે કે તેને છોડવાની તથા પ્રતિપક્ષી ગુણોને ધારણ કરવાની પ્રવૃત્તિ કરતા નથી ત્યાં સુધી તે જ્ઞાન આત્મપરિણતિમત્ ન ગણાય.

શ્રેણિક મહારાજા વગેરે સમ્યગ્દૃષ્ટિ આત્માને પાપ, આશ્રવ અને બંધ એ ત્રણેય તત્ત્વો ત્યાગ કરવા યોગ્ય છે તેમ સંપૂર્ણ

રુચિ હોય છે. પણ ત્યાગ કરવા માટે વીર્યોલ્લાસ પ્રગટ થઈ શકતો નથી. એ જ પ્રમાણે સંવર–નિર્જરા આદરવાલાયક છે એમ સાચી સમજણ હોવા છતાં તેનો આદર કરી શકતા નથી. અને નથી આદર થતો તેના માટે મનમાં વારંવાર પશ્ચાત્તાપ પણ થયા કરે છે તેવું જ્ઞાન તે આત્મપરિણતિમત્ જ્ઞાન કહેવાય છે.

જેમાં પરમાર્થના સ્પષ્ટ ખ્યાલપૂર્વક હેયની નિવૃત્તિ અને ઉપાદેયની પ્રવૃત્તિ હોય તે તત્ત્વસંવેદન કહેવાય. કહ્યું છે કે–

**" स्वस्थवृत्तेः प्रशांतस्य, तद्धेयत्वादिनिश्चयम् ।**
**तत्त्वसंवेदनं सम्यग् , यथाशक्तिफलप्रदम् ॥ "**

" સ્વસ્થવૃત્તિવાળા તથા શાંત એવા પુરુષને વસ્તુના હેય-પણા આદિમાં નિશ્ચયવાળું જે જ્ઞાન થાય છે તે **તત્ત્વસંવેદન** કહેવાય. તે યથાશક્તિ ફલ આપનારું છે. "

એક વસ્તુ સારી છે–આદરવા યોગ્ય છે એમ જાણ્યા પછી તેને આદરવાની જ બુદ્ધિ રહે તથા આદરે પણ છે. અને એક વસ્તુ ખરાબ છે–છોડવા યોગ્ય છે એમ જાણ્યા પછી તેને છોડવાની જ બુદ્ધિ રહે તેમજ છોડે પણ છે ત્યારે તે જ્ઞાન **તત્ત્વસંવેદન** ગણાય છે. એવા જ્ઞાનથી જ સમ્યક્ ચારિત્ર પ્રકટે છે અને સકળ કર્મબંધનનો નાશ થઈ અનંતસુખમય મોક્ષની પ્રાપ્તિ થાય છે.

સામાન્ય વ્યવહારમાં આવા જ્ઞાનને ' સાચું જ્ઞાન ' કહેવામાં આવે છે. જેમાં માન્યતા પ્રમાણેનું વર્તન હોય અથવા વર્તન માટેનો પ્રેમ હોય તે જ સાચું જ્ઞાન, બાકીનું જ્ઞાનાભાસ.

શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય જ્ઞાનાષ્ટકમાં જણાવે છે કે–

" स्वभावलाभसंस्कारकारणं ज्ञानमिष्यते ।
ध्यान्ध्यमात्रमतस्त्वन्यत् तथा चोक्तं महात्मना ॥"

" અમે આત્મસ્વભાવની પ્રાપ્તિ થાય તેવા સંસ્કારોના કારણભૂત જ્ઞાનને ઇચ્છીએ છીએ. એ સિવાયનું બીજું જ્ઞાન તે બુદ્ધિનું અંધપણું માત્ર છે. આવો અભિપ્રાય માત્ર અમારો જ છે તેમ નથી પણ યોગશાસ્ત્રમાં નિષ્ણાત એવા મહાત્મા પતંજલિ વગેરેનો પણ છે. "

## ૧૬. ઉપસંહાર

આ બધા વિવેચનનો સાર એ છે કે–લિપિ અને ભાષાનું જ્ઞાન જરૂરી છે, શાસ્ત્રોનું જ્ઞાન તેથી પણ વિશેષ જરૂરી છે પરંતુ સહુથી વધારે જરૂરી આત્મજ્ઞાન છે અને તેમાં સતત રમણતા રહે તે માટે તત્ત્વસંવેદનની આવશ્યકતા છે, પરંતુ આવું તત્ત્વસંવેદન જ્ઞાન એકદમ પ્રકટતું નથી તેથી જ્ઞાનની વિધિસર ઉપાસના કરતા રહેવું જોઈએ, જેથી કાલે કરીને તત્ત્વસંવેદન પ્રકટ થાય અને આ આત્માનો ભવાટવીમાંથી નિસ્તાર થાય.

જગત્‌ના સર્વ મનુષ્યો સમ્યગ્જ્ઞાનની સાચી ઉપાસના કરે એ જ અભિલાષ.

# -: તુરત ગ્રાહક બનો :-

## સહુ કોઇ સમજી શકે તેવી શૈલી અને ભાષામાં તૈયાર થએલી

### સહુ કોઈને વાંચવી ગમી જાય તેવી ધર્મબોધ ગ્રન્થમાળાનાં
### ૨૦ પુસ્તકોના ગ્રાહક બની જાવ.

જૈન ધર્મના ઉચ્ચ સિદ્ધાન્તો અને તેના આચારોને સુંદર ઢબે સમજાવતી, હરકોઇને ઉત્તમ જીવન જીવવામાં અતિ ઉપયોગી લગભગ એંસી એંસી પાનાની, આકર્ષક પુસ્તિકાઓ ૧ થી ૧૦ની સંખ્યામાં બ્હાર પડી ગઈ છે. જેનાં નામ અનુક્રમે:—

૧ ત્રણ મહાન તકો, ૨ સફળતાની સીડી, ૩ સાચું અને ખોટું (સ્યાદ્‌વાદ) ૪ આદર્શ દેવ, ૫ ગુરુ દર્શન, ૬ ધર્મામૃત, ૭ શ્રદ્ધા અને શક્તિ, ૮ જ્ઞાનોપાસના, ૯ ચારિત્ર વિચાર, ૧૦ દેતાં શીખો, એ છે.

હવે બાકીની ૧૦ પુસ્તિકાઓ શીલ, તપ, ભાવ, ધ્યાન, યોગ વગેરે વિષયો ઉપરની બ્હાર પડનાર છે.

આ ગ્રન્થમાળા ધર્મ પ્રચારાર્થે, હજારો રૂપીઆની ખોટ સહન કરીને સસ્તી કીંમતે ધર્મ સેવા બજાવે છે તો જુદા જુદા વિષયો ઉપર લખાએલી આકર્ષક છપાઇ, દ્વિરંગી કલાત્મક ટાઇટલ, કુલ ૧૬૦૦ પાનાનું વાંચન, છતાં પોસ્ટેજ સાથે રૂા. ૧૨ માં ગ્રાહક થવા લખો:-

છુટક પુસ્તકો પણ મળી શકશે.

-: ગ્રાહકો થવાનાં તથા પુસ્તક મેળવવાનાં ઠેકાણાં :-

| | |
|---|---|
| શા. લાલચંદ નંદલાલ | સી. શાંતિલાલ શાહની કાં. |
| ઠે. રાવપુરા ચીકાંટા-વડોદરા | ઠે. ૮૬, પ્રિન્સેસ સ્ટ્રીટ-મુંબઈ |
| સરસ્વતી પુસ્તક ભંડાર | મેઘરાજ જૈન પુસ્તક ભંડાર |
| ઠે. રતનપોળ હાથીખાના, | ઠે. ગુલાલવાડી ગોડીજીની ચાલ નં. ૧ |
| અમદાવાદ | મુંબઇ |